મંગળવાર, 3 ફેબ્રુઆરી, 2026 મહા વદ બીજ
“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ❋ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ❋ RNI NO : GJGUJ/25/A1447 ❋ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❋ Follow : @dailypulsenews24 ❋ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ❋ કિંમત : મફત

## વડોદરા પાલિકામાં એક વર્ષમાં ૧.૩૯ લાખ ફરિયાદો: ડ્રેનેજ સમસ્યામાં પશ્ચિમ ઝોન મોખરે.

વડોદરા મહાનગરપાલિકાનું 'સ્માર્ટ' મહોરું હવે ઉતરી ગયું છે. ૨૦૨૫ ના આખા વર્ષ દરમિયાન શહેરના નાગરિકોએ પાયાની સુવિધાઓ માટે કરેલી ૧.૩૯ લાખ ફરિયાદો પાલિકાની નિષ્ફળતાનો જીવતો જાગતો દસ્તાવેજ છે. તંત્ર ભલે ટોલ-ફ્રી નંબર, વેબસાઈટ અને વોટ્સએપના માધ્યમથી ફરિયાદ નિવારણના બણગા ફૂંકતું હોય, પરંતુ વાસ્તવિકતા એ છે કે વડોદરાવાસીઓ આજે પણ ગટર, પાણી અને રસ્તા જેવી બેઝિક જરૂરિયાતો માટે વલખાં મારી રહ્યા છે.

આંકડાકીય વિશ્લેષણ કરતા માલૂમ પડે છે કે, સૌથી વધુ ફરિયાદો પશ્ચિમ ઝોનમાં નોંધાઈ છે, જે આ વિસ્તારમાં થઈ રહેલા અસ્તવ્યસ્ત વિકાસ અને જર્જરિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પોલ ખોલે છે. કેટેગરી મુજબ જોતા, ડ્રેનેજ અને વરસાદી ગટરની સમસ્યાઓ દાયકાઓથી વડોદરાનો પીછો છોડતી નથી. વરસાદી ગટરોના ગંદા પાણી અને ડ્રેનેજ ચોકઅપની સમસ્યાએ લોકોનું જીવવું હરામ કરી દીધું છે. વોર્ડ નંબર ૫ ફરિયાદોનું એપીસેન્ટર બન્યું છે, જે સાબિત કરે છે કે ત્યાંના વહીવટી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે કોઈ સંકલન નથી. મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુ દ્વારા અઠવાડિક રિવ્યુ કરવાની વાતો તો થાય છે, પરંતુ જો ખરેખર ફરિયાદનો સમય મર્યાદામાં નિકાલ થતો હોય, તો ફરિયાદોનું લિસ્ટ ઘટવાને બદલે સતત વધતું કેમ જાય છે? ઈ-વેસ્ટ અને રખડતા ઢોર જેવી નવી કેટેગરીઓ ઉમેરવામાં આવી છે, પરંતુ જૂના પ્રશ્નો જ ઉકેલાયા નથી ત્યાં નવા પ્રશ્નો માત્ર આંકડા વધારવાનું કામ કરી રહ્યા છે. સીટીઝન ચાર્ટર મુજબના સમયમાં કામ ન થવું એ નાગરિકો સાથેનો એક પ્રકારનો દગો છે. બીજી તરફ, વોર્ડ નંબર ૨ ના કોર્પોરેટર મહાવીરસિંહ રાજપુરોહિત ફરિયાદો ઓછી હોવાનો યશ પોતાના 'સંવાદ' ને આપે છે, પણ સવાલ એ છે કે શું બાકીના વોર્ડના કોર્પોરેટરો માત્ર એસી કેબિનમાં બેસવા માટે ચૂંટાયા છે? જો એક વોર્ડમાં સીધા સંપર્કથી ફરિયાદો ઘટી શકતી હોય, તો આખું વડોદરા કેમ નર્કાગાર બની રહ્યું છે? પાલિકાનું ફરિયાદ નિવારણ તંત્ર માત્ર SMS મોકલવા પૂરતું મર્યાદિત રહી ગયું હોય તેમ લાગે છે. જનતાના પરસેવાના ટેક્સના નાણાં વસૂલતી પાલિકા ક્યારે ખરા અર્થમાં સેવાનું કામ કરશે તે જોવું રહ્યું. શું કમિશનર માત્ર આંકડાઓ જોઈને સંતોષ માનશે કે પછી જવાબદાર અધિકારીઓના ક્લાસ લેશે?




**વડોદરા પાલિકાની 'સ્માર્ટ' સેવાઓની પોલ ૨૦૨૫ ના આંકડાઓએ ખોલી દીધી છે. વર્ષભરમાં ૧.૩૯ લાખ ફરિયાદો નોંધાઈ, જેમાં ડ્રેનેજ અને વરસાદી ગટરની સમસ્યાઓ મોખરે છે. પશ્ચિમ ઝોન નર્કાગાર બન્યું છે, છતાં તંત્ર માત્ર 'રિવ્યુ' ના નામે કાગળ પર ઘોડા દોડાવે છે.**

## મકરપુરા GIDC: કારખાનામાં આગ લાગતા મધમાખીઓ ત્રાટકી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના મકરપુરા GIDC વિસ્તારમાં આવેલી પૂજા એન્જિનિયરિંગમાં આજે એક વિચિત્ર ઘટનાક્રમમાં આગ અને મધમાખીઓના હુમલાને કારણે ભારે નાસભાગ જોવા મળી હતી. બપોરના સમયે કારખાનામાં રહેલા ગેસ સિલિન્ડરમાં અચાનક લીકેજ શરૂ થયું હતું, જેણે જોતજોતામાં આગનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. કંપનીના સ્ટાફે તાત્કાલિક ફાયર બ્રિગેડને કોલ કરી બોલાવી હતી.

જ્યારે ફાયર ફાઈટરો આગ બુઝાવવા માટે પાઈપો લંબાવી રહ્યા હતા, ત્યારે આગની જ્વાળાઓની લપેટમાં પાસેનો એક મોટો મધપૂડો આવી ગયો હતો. મધપૂડો છંછેડાતા જ હજારો મધમાખીઓનું ઝુંડ આખા વિસ્તારમાં ફેલાઈ ગયું હતું. જે લોકો આગ જોવા ઉભા હતા અથવા મદદ કરી રહ્યા હતા, તેઓ મધમાખીઓથી બચવા માટે આમતેમ દોડવા લાગ્યા હતા. પરિસ્થિતિ ગંભીર હોવા છતાં ફાયર બ્રિગેડના જવાનોએ પોતાની કામગીરી અટકાવી નહોતી. સામાન્ય રીતે વીજ પુરવઠો બંધ થયા પછી જ પાણીનો મારો ચલાવવામાં આવતો હોય છે, પરંતુ અહીં જોખમ વધુ હોવાથી ફાયર ટીમે વીજ પ્રવાહ ચાલુ હોવા છતાં અત્યંત સાવચેતીપૂર્વક આગ પર કાબૂ મેળવી લીધો હતો. ફાયર બ્રિગેડની આ ત્વરિત અને બહાદુરીપૂર્વકની કામગીરીને કારણે આગ વધુ ફેલાતા અટકી હતી અને મધમાખીઓના હુમલા વચ્ચે પણ કોઈ મોટી દુર્ઘટના બની નહોતી. હાલમાં સ્થિતિ નિયંત્રણમાં છે અને નુકસાનનો અંદાજ મેળવવામાં આવી રહ્યો છે.



## રેલવે બજેટથી વડીલો નિરાશ: કન્સેશન અને બંધ ટ્રેનો મુદ્દે અન્યાય

**દૈનિક પલ્સ સમાચાર:** કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલું બજેટ રેલવે મુસાફરો માટે માત્ર 'હવામાં કિલ્લા' સમાન સાબિત થયું છે. વડોદરા ડિવિઝનના રેલવે યુઝર્સ કન્સલટેટીવ કમિટિ (DRUCC) ના સભ્ય મોહમ્મદ હબીબ લોખંડવાલાએ બજેટમાં રેલવે ક્ષેત્રે લેવાયેલા નિર્ણયોને અત્યંત નબળા અને વંચિતો વિરોધી ગણાવ્યા છે. બજેટમાં જે સૌથી મોટી આશા હતી તે હતી સિનિયર સિટિઝન્સને ભાડામાં મળતી રાહતની પુનઃસ્થાપના. જોકે, સરકારે આ મુદ્દે મૌન ધારણ કરીને સાબિત કરી દીધું છે કે તેને વડીલ નાગરિકોના આર્થિક બોજની કોઈ ચિંતા નથી.

લોખંડવાલાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કોરોનાકાળમાં જ્યારે બધું બંધ હતું ત્યારે કન્સેશન રોકવામાં આવ્યું હતું તે સમજાય તેવી વાત હતી, પરંતુ હવે જ્યારે રેલવે રેકોર્ડબ્રેક કમાણી કરી રહી છે ત્યારે વડીલોને તેમનો હક્ક કેમ આપવામાં આવતો નથી? વધતી જતી મોંઘવારી અને ટ્રેનોના પ્રીમિયમ ભાડા વચ્ચે સિનિયર સિટિઝન માટે મુસાફરી કરવી દુષ્કર બની ગઈ છે. બીજી ગંભીર સમસ્યા પશ્ચિમ ઝોનમાં બંધ પડેલી ટ્રેનોની છે. અનેક એવી ટ્રેનો છે જે મધ્યમ વર્ગના મુસાફરો માટે જીવાદોરી સમાન હતી, પરંતુ તેને હજુ સુધી ફરી શરૂ કરવામાં આવી નથી. બજેટમાં આ ટ્રેનો માટે કોઈ ફંડ કે દિશાનિર્દેશ જાહેર ન થતા મુસાફરોની આશા ઠગારી નીવડી છે.

શું સરકાર રેલવેને માત્ર એક વેપારી એકમ માની રહી છે? સામાજિક જવાબદારીના નામે અપાતી રાહતો કેમ એક પછી એક નાબૂદ થઈ રહી છે? હબીબ લોખંડવાલાએ રેલવે પ્રશાસનને અપીલ કરી છે કે તેઓ આ મુદ્દે પુનઃ વિચારણા કરે અને વડીલોના સન્માન તેમજ મુસાફરોની સુવિધા માટે કન્સેશન અને બંધ ટ્રેનોને તાત્કાલિક અસરથી શરૂ કરે. જો સરકાર હકારાત્મક નિર્ણય નહીં લે તો રેલવે યુઝર્સમાં ફેલાયેલો અસંતોષ કોઈ મોટું રૂપ ધારણ કરે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ બજેટ માત્ર ઉદ્યોગપતિઓના હિતોને સાચવતું હોય તેવું દેખાઈ રહ્યું છે, જેમાં આમ આદમી સાવ છેવાડે ધકેલાઈ ગયો છે.

**કેન્દ્ર સરકારનું બજેટ રેલવે મુસાફરો માટે માત્ર આંકડાની માયાજાળ સાબિત થયું છે. વડોદરા DRUCC ના સભ્ય મોહમ્મદ હબીબ લોખંડવાલાએ બજેટ સામે લાલ આંખ કરતા જણાવ્યું કે, કોરોના કાળથી બંધ કરાયેલું સિનિયર સિટિઝન કન્સેશન શરૂ ન કરીને સરકારે વડીલોની પીઠમાં છરો ભોંક્યો છે. મોંઘવારીના જમાનામાં વડીલોને રાહત આપવાને બદલે તેમની ઉપેક્ષા કરાઈ છે. એટલું જ નહીં, વેસ્ટર્ન ઝોનની બંધ પડેલી ટ્રેનો શરૂ કરવા અંગે પણ બજેટમાં મૌન સેવાયું છે. શું સરકાર માત્ર નફો કરવા માટે જ રેલવે ચલાવે છે?**

## વડોદરા: આવાસ માટે ગરીબોના ધરણા, પાલિકાની ઘોર બેદરકારી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં ગરીબોના ઘરના સપનાઓનો કચ્ચરઘાણ નીકળી રહ્યો છે. આજે વડોદરા એફોર્ડેબલ હાઉસિંગની કચેરી સામે જે દ્રશ્યો જોવા મળ્યા તે લોકશાહીમાં શરમજનક છે. જે ગરીબોના ઘર પર પાલિકાએ ચાર મહિના પહેલા બુલડોઝર ફેરવી તેમને બેઘર કરી દીધા હતા, તે આજે ન્યાય મેળવવા માટે પૂઠાના પૂતળારૂપી ઘરો બનાવીને ધરણા પર બેસવા મજબૂર થયા છે. ગોરવા વિસ્તારના ૨૫૦ જેટલા પરિવારો રસ્તા પર આવી ગયા છે, છતાં પાલિકાના સત્તાધીશોના હૈયા પીગળતા નથી.

આ પરિવારોએ પાંચ હજાર રૂપિયાની ડિપોઝિટની રકમ અને દસ્તાવેજો જમા કરાવી દીધા હોવા છતાં તંત્ર મકાન ફાળવવામાં ઠાગાઠૈયા કરી રહ્યું છે. પૂજાબહેન નામની લાભાર્થીનો આક્રોશ તંત્રના ગાલ પર લપડાક સમાન છે, જેમણે પૂછ્યું કે રસ્તા પર રહેતા અમારા બાળકોને જો અકસ્માત નડે તો તેની જવાબદારી શું પાલિકા કમિશનર લેશે? સામાજિક આગેવાન વિઠ્ઠલ આયરેએ ખુલ્લેઆમ આક્ષેપ કર્યો છે કે વડોદરામાં



અનેક આવાસો તૈયાર અને ખાલી છે, છતાં લાગતા-વળગતાઓને લાભ આપવા માટે ગરીબોને રઝળતા મુકાયા છે. અધિકારીઓનો જ્યારે પત્રકારો દ્વારા સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેઓએ મૌન ધારણ કરી લીધું, જે સૂચવે છે કે અંદરખાને કઈક રંધાઈ રહ્યું છે.

દૈનિક પલ્સ સમાચાર સવાલ ઉઠાવે છે કે, શું 'સ્માર્ટ સિટી' વડોદરામાં ગરીબો માટે કોઈ સ્થાન નથી? મકાન માટે પૈસા ભરીને પહોંચ હાથમાં લઈને ઉભેલા આ લોકોના આંસુ પાલિકાના અધિકારીઓને કેમ દેખાતા નથી? કલાલીમાં જે આવાસો આપવાની લાલચ અપાય છે તે ખંડેર હાલતમાં છે, જેનો સ્વીકાર કરવો કોઈપણ પરિવાર માટે અશક્ય છે. જો આગામી દિવસોમાં આ પીડિત પરિવારોને યોગ્ય આવાસ નહીં મળે, તો આ પૂઠાના ઘરનું આંદોલન આખા શહેરને હચમચાવી દેશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે. તંત્ર જાગે અને ગરીબોને તેમનો હક્ક આપે, અન્યથા લોકરોષનો સામનો કરવા તૈયાર રહે.

## વડોદરામાં UGC બિલ મુદ્દે સૂત્રોચ્ચાર, SSD મેદાનમાં

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં આજે ઉચ્ચ શિક્ષણના નિયમોને લઈને રસ્તા પર જંગ જોવા મળ્યો. 'સ્વયમ્ સૈનિક દળ' (SSD) એ UGC ના ૨૦૨૬ ના નવા નિયમોના સમર્થનમાં કલેક્ટરને આવેદન પાઠવ્યું હતું. મહોલ્લાથી લઈને શિક્ષણ સંસ્થાઓ સુધી હવે 'મનુવાદ' અને 'સંવિધાન' ના નામે વૈચારિક લડાઈ તેજ થઈ છે. SSD નો આક્ષેપ છે કે વર્ષોથી વંચિતોના હકોનું હનન થઈ રહ્યું છે અને આ બિલ તેનો ઉકેલ છે. જોકે, આ આખી લડાઈમાં શિક્ષણની ગુણવત્તા ક્યાંક હાંસિયામાં ધકેલાઈ ગઈ છે.

ચોંકાવનારી બાબત એ છે કે, જે નિયમો માટે આજે વડોદરામાં નારા લાગ્યા, તેના પર સુપ્રીમ કોર્ટે ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ સ્ટે ઓર્ડર આપેલો છે. કોર્ટનું સ્પષ્ટ માનવું છે કે UGC ના આ નવા નિયમોમાં અનેક છીંડા છે અને તેનો દુરુપયોગ થઈ શકે છે. ૧૩ જાન્યુઆરીએ જાહેર થયેલા આ નિયમોમાં ૨૦૧૨ ના નિયમો કરતા જે ફેરફાર કરાયા છે, તેને લઈને દેશભરમાં બે ફાંટા પડી ગયા છે. SSD જેવા સંગઠનો આને અત્યંત આવશ્યક ગણાવી રહ્યા છે, જ્યારે બૌદ્ધિક વર્ગ તેને કાયદાકીય ગૂંચવણ ગણાવે છે. કલેક્ટર કચેરીમાં થયેલા સૂત્રોચ્ચાર અને આવેદન પત્ર એ સંકેત આપે છે કે આગામી દિવસોમાં આ શિક્ષણ નીતિના નામે સામાજિક અને રાજકીય ટકરાવ વધશે. શું UGC ખરેખર સમાનતા લાવશે કે પછી નવી કાનૂની લડાઈઓનું કારણ બનશે?



**વડોદરામાં UGCના નવા નિયમો મુદ્દે રાજકારણ ગરમાયું છે. 'સ્વયમ્ સૈનિક દળ' દ્વારા મનુવાદ વિરોધી નારા સાથે કલેક્ટરને આવેદન અપાયું. સુપ્રીમ કોર્ટે જે નિયમો પર રોક લગાવી છે, તેને લાગુ કરવા જીદ પકડાઈ છે. શું શિક્ષણ હવે માત્ર આંદોલનનું મેદાન બની ગયું છે?**

# વડોદરામાં મહંત સ્વામીનો 92મો જન્મોત્સવ: 2 ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ

## મહંત સ્વામી જન્મોત્સવ: 2 લાખ ભક્તો અને 2 વર્લ્ડ રેકોર્ડ્સ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં BAPS સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા મહંત સ્વામી મહારાજની ૯૨મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી. અટલાદરા ખાતે આયોજિત આ મહોત્સવમાં દેશ-વિદેશથી ૨ લાખ જેટલા શ્રદ્ધાળુઓ જોડાયા હતા. આ અવસર સંસ્થા માટે બેવડી ખુશી લઈને આવ્યો, કારણ કે તેને બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સથી સન્માનિત કરવામાં આવી. વિશ્વભરમાં ૧૨૦૦ મંદિરોના નિર્માણ માટે એક રેકોર્ડ અને ૧૫ હજારથી વધુ બાળકોએ માત્ર એક વર્ષમાં 'સત્સંગ દીક્ષા' ગ્રંથનો સંપૂર્ણ મુખપાઠ કરવા બદલ બીજો રેકોર્ડ મળ્યો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે વિશેષ હાજરી આપી હતી. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સંત, શાસ્ત્ર અને મંદિર ભારતીય સંસ્કૃતિના પાયા છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ બાળકોની પ્રતિભા જોઈ આનંદ વ્યક્ત કર્યો અને સનાતન સંસ્કૃતિમાં ગુરુના મહત્વ પર ભાર મૂક્યો. લોકપ્રિય અભિનેતા દિલીપ જોશીએ પણ બાળકો સાથે જોડાઈને શ્લોકોના પાઠ કરાવ્યા હતા. ૨ લાખ ભક્તો દ્વારા એકસાથે કરવામાં આવેલી મહાઆરતીએ વાતાવરણને દિવ્ય બનાવી દીધું હતું. કેન્દ્રીય મંત્રી અમિત શાહનો શુભેચ્છા પત્ર પણ વાંચવામાં આવ્યો હતો. આ મહોત્સવ માત્ર એક જન્મોત્સવ નહીં, પરંતુ ભારતીય સંસ્કારો અને શિસ્તનું જીવંત ઉદાહરણ બનીયુ



**વડોદરાના અટલાદરામાં મહંત સ્વામી મહારાજની ૯૨મી જન્મજયંતી ભવ્ય રીતે ઉજવાઈ. ૨ લાખ હરિભક્તોની હાજરીમાં સંસ્થાએ ૨ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ હાંસલ કર્યા. ૧૫ હજારથી વધુ બાળકોએ સંસ્કૃત શ્લોકોનો મુખપાઠ કરી આધ્યાત્મિક ઈતિહાસ રચ્યો.**

# વડોદરા: PSI ઝવેરી સસ્પેન્ડ, રૂ. 40 હજારની લાંચનો ખેલ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા પોલીસ બેડામાં ભ્રષ્ટાચારના વાયરસે ખાખીને કલંકિત કરી છે. જવાહરનગર પોલીસ સ્ટેશનના PSI એન.એન. ઝવેરીનો લાંચની સોદાબાજી કરતો અને પૈસા સ્વીકારતો કથિત વીડિયો વાઈરલ થતા જ પોલીસ કમિશનરે તેમને સસ્પેન્ડ કરી દીધા છે. આ વીડિયો એક વર્ષ જૂનો હોવાનું કહેવાય છે, જેમાં PSI ૪૦ હજાર રૂપિયા માટે હપ્તા બાંધતા સંભળાય છે. વીડિયોમાં PSI કહે છે, "હું ૫૦ બોલું છું, પછી ૪૦ કરી આપ એમ કહ્યું હતું." આ સંવાદો ખાખીની પાછળ ચાલતા કાળા 'વહીવટ'નો પુરાવો છે.

આ ઘટનાના ફરિયાદી મુસ્તફા ઉર્ફે ઈનાયતે પોલીસ તંત્ર પર ગંભીર આક્ષેપો કર્યા છે. જેલમાંથી બહાર આવ્યા બાદ તેણે ખુલાસો કર્યો કે પોલીસે તેને ખોટા કેસમાં ફસાવવા માટે તેના કપડાં પર ગાયનું લોહી હોવાનું કહી રેડ પાડી હતી. ઈનાયતની માંગ છે કે તેના કપડાંનો FSL રિપોર્ટ કરાવવામાં આવે, કારણ કે તે લોહી પાડાનું હતું અને તેને જાણી જોઈને ગુંડા તરીકે ચીતરવામાં આવ્યો હતો. તેણે આક્ષેપ કર્યો કે પોલીસ દારૂ અને પેટ્રોલના ગેરકાયદે ધંધા કરનારાઓ સાથે મળીને નિર્દોષોને હેરાન કરે છે. આ વીડિયો વાઈરલ થતા હવે ACP એ ડિવિઝનને તપાસ સોંપાઈ છે. પરંતુ મોટો પ્રશ્ન એ છે કે શું પોલીસમાં રહેલી આવી કાળી ઘેટાંઓ સામે ફોજદારી કાર્યવાહી થશે કે પછી મામલો થાળે પાડી દેવાશે?



# વડોદરામાં રક્ષક જ ભક્ષક, હેરોઈન કેસમાં SOG ASI ઝડપાયો લાખોના કાળા કારસ્તાન

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં ડ્રગ્સબંધીના દાવાઓ વચ્ચે વડોદરામાં ખાખીના નામે ચાલતો ડ્રગ્સનો ખેલ પકડાયો છે. વડોદરા રેલવે સ્ટેશન પરથી જાન્યુઆરીમાં ઝડપાયેલા ૪૭.૯૮ લાખના હેરોઈન કેસમાં SOGના ASI લક્ષ્મીકાંત દેસાઈનું નામ ખુલતા સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા કરાયેલી ઊંડાણપૂર્વકની તપાસમાં પેડલરના મોબાઈલમાંથી લક્ષ્મીકાંતની સંડોવણીના સજ્જડ પુરાવા મળ્યા છે. જે પોલીસ પર ડ્રગ્સ નાબૂદ કરવાની જવાબદારી હતી, તે જ પોલીસ હવે ડ્રગ્સના સોદા કરાવી રહી હોવાનું સામે આવ્યું છે. SMCએ લક્ષ્મીકાંત દેસાઈની ધરપકડ કરી ૫ ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મેળવ્યા છે. રિમાન્ડ દરમિયાન ASIના ત્રણ મોબાઈલ ફોન તપાસ માટે કબજે કરાયા છે. આશ્ચર્યની વાત એ છે કે, એક હાઈ-પ્રોફાઈલ SOG ઓફિસર શા માટે અનામી સિમકાર્ડ વાપરતો હતો? શું તે પોલીસની દરેક હિલચાલની વિગતો પેડલરો સુધી પહોંચાડતો હતો? SMCની ટીમ હવે લક્ષ્મીકાંતની કાળી કમાણીના મૂળ સુધી પહોંચવા મથામણ કરી રહી છે. તેની પ્રોપર્ટી, બેંક બેલેન્સ, ફિક્સ્ડ ડિપોઝિટ અને લક્ઝરી વાહનોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. ૫૭ વર્ષની ઉંમરે નિવૃત્તિની નજીક હોવા છતાં લક્ષ્મીકાંતે શા માટે આવો ગુનો કર્યો તે ચર્ચાનો વિષય છે.

દૈનિક પલ્સ સમાચાર વેધક સવાલ ઉઠાવે છે કે, શું એક એએસઆઈની હિંમત કોઈ મોટા અધિકારીના સપોર્ટ વગર આટલી વધી શકે? વડોદરામાં ડ્રગ્સના નેટવર્કને તોડવાને બદલે તેને પોષનારા આ 'ખુફિયા મિત્રો' જ સમાજ માટે ખતરો છે. આરોપી લક્ષ્મીકાંતને સસ્પેન્ડ તો કરી દેવાયો છે, પણ શું SMC એ ડ્રગ્સ માફિયાઓ સુધી પહોંચી શકશે જે લક્ષ્મીકાંત જેવા અધિકારીઓને ખરીદે છે? આગામી દિવસોમાં એફએસએલ રિપોર્ટ અને બેંક સ્ટેટમેન્ટ્સ આ કેસમાં વધુ ઘેરા રહસ્યો ખોલશે. અત્યારે તો વડોદરાની ખાખી વર્દી પર ડ્રગ્સનો એવો ડાઘ લાગ્યો છે જે ધોવો મુશ્કેલ છે.



# ગોત્રી: માથે દારૂની બોટલ મૂકી નાચનારા નબીરાઓ જેલભેગા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં દારૂબંધીના કાયદાનો છેદ ઉડાવતો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ગોત્રી વિસ્તારમાં આવેલા વુડાના ક્વાર્ટર્સમાં ત્રણ શખસોએ જાહેરમાં દારૂની મહેફિલ માણી તેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ કર્યો હતો. આ વીડિયોમાં નશામાં ચૂર શખસો વિદેશી દારૂની બોટલો સાથે નાચતા અને પોલીસ તંત્રની મજાક ઉડાવતા જોવા મળ્યા હતા. વીડિયો વાઇરલ થતા જ લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો, જેને પગલે ગોત્રી પોલીસે સક્રિય થઈ ગણતરીના કલાકોમાં જ ત્રણેય આરોપીઓને દબોચી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં ૬૩ વર્ષીય મનોજ ભાવસાર, ૩૨ વર્ષીય રમેશ સિયાક અને ૪૦ વર્ષીય દીપક અગ્રવાલનો સમાવેશ થાય છે. આ શખસોએ પોલીસ સ્ટેશનમાં કાન પકડીને જાહેર માફી માંગી હતી અને ભવિષ્યમાં આવી ભૂલ ન કરવાની ખાતરી આપી હતી. પરંતુ, શું માત્ર માફી માંગવાથી ગુનો માફ થઈ જાય? ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં આ પ્રકારે મહેફિલો યોજાય અને તેના વીડિયો મૂકીને પોલીસને ચેલેન્જ ફેંકવામાં આવે તે કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતા સૂચવે છે. વારંવાર બનતી આવી ઘટનાઓ દર્શાવે છે કે નશાખોરોમાં પોલીસનો કોઈ ડર રહ્યો નથી. પોલીસે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે, પરંતુ જનતા ઈચ્છે છે કે આવા તત્વોને એવી સજા મળે કે ફરી કોઈ મહેફિલ માણવાની હિંમત ન કરે.



# પેથાપુર: કલેક્ટરની બેઠકમાં એસ.ટી. બસ માટે હલ્લાબોલ

**દૈનિક પલ્સ સમાચાર:** લીમડી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી. બસ સેવાનો રામ રમી ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. પેથાપુર સહિતના સીમાંત ગામોમાં બસના અભાવે સ્થાનિકો અને વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ છે. ગુરુવારે કલેક્ટરની હાજરીમાં યોજાયેલી બેઠક ગ્રામજનોના ઉગ્ર દેખાવોનું કેન્દ્ર બની હતી. દાયકાઓ પહેલા અહીં નિયમિત બસો દોડતી હતી, પરંતુ આજે વિકાસના બણગા વચ્ચે એસ.ટી. તંત્રએ આ ગામડાઓને નકશામાંથી જ ભૂંસી નાખ્યા હોય તેમ લાગે છે.

મુખ્ય માંગ એવી છે કે લીમડી-ચાકલિયા બસને પેથાપુર સામૂહિક આરોગ્ય કેન્દ્ર સુધી લંબાવવામાં આવે. બલેન્ડિયા, પાતા અને સાબલી જેવા ગામોના દર્દીઓ પાસે હોસ્પિટલ પહોંચવા માટે ખાનગી વાહનોના મોંઘા ભાડા આપવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. વિદ્યાર્થીઓએ જીવના જોખમે ખાનગી વાહનોમાં લટકીને મુસાફરી કરવી પડે છે. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? ગ્રામ્ય વિસ્તારની આ અવગણના એસ.ટી. નિગમની નિષ્ફળતાનો પુરાવો છે.

# સાવલીમાં યુવકનો મહી નદીમાં કૂદી આપઘાત, લાશ મળી

**દૈનિક પલ્સ સમાચાર:** સાવલીના મહીસાગર બ્રિજ પરથી મોતની છલાંગ લગાવનાર યુવકનો મૃતદેહ ૨૪ કલાકના અંતે મળી આવ્યો છે. પોઈચા કનોડા બ્રિજ પરથી રવિવારે રાત્રે મહુડીયાપુરા ગામના ૨૮ વર્ષીય જગદીશ પાટણવાડિયાએ અગમ્ય કારણોસર મહી નદીમાં ઝંપલાવ્યું હતું. જોકે, પાછળથી જાણવા મળ્યું કે તેની આત્મહત્યા પાછળ છૂટાછેડાનું માનસિક દુઃખ જવાબદાર હતું. મંજુસરની કંપનીમાં કામ કરતા આ યુવકનું જીવન માત્ર એક અઠવાડિયામાં વિખરાઈ ગયું અને તેણે જીવન ટૂંકાવવાનો આકરો નિર્ણય લીધો.

જગદીશે આપઘાત કરતા પહેલા મિત્રને ફોન કરી જાણ કરી હતી, જે બતાવે છે કે તે કદાચ મદદની આશામાં હતો અથવા અંતિમ વિદાય આપી રહ્યો હતો. સાવલી પોલીસ અને એનડીઆરએફની ટીમ રવિવારે રાત્રે શોધખોળમાં નિષ્ફળ રહી હતી અને અંધારાનું બહાનું ધરી કામગીરી અટકાવી દેવાઈ હતી. છેવટે સોમવારે સાંજે વડોદરા ફાયર બ્રિગેડની ટીમે નદીમાંથી લાશ બહાર કાઢી હતી. આ ઘટના એ સાબિત કરે છે કે કટોકટીના સમયે આપણું તંત્ર કેટલું ધીમું ચાલે છે. જગદીશના મૃતદેહને સાવલી સીએચસી ખાતે પીએમ માટે મોકલી દેવાયો છે. એક હસતો-ખેલતો યુવાન સામાજિક દબાણ અને કૌટુંબિક વિખવાદનો ભોગ બન્યો છે, જે સમાજ માટે પણ લાલબત્તી સમાન કિસ્સો છે.

# શિનોરમાં હેલોજન ચોરી બાદ લોહિયાળ જંગ, સામસામી ફરિયાદ

**દૈનિક પલ્સ સમાચાર:** શિનોર તાલુકાના કાજીવાડ વિસ્તારમાં હેલોજન લાઈટ મુદ્દે ચાલી રહેલો વિવાદ હવે પોલીસ સ્ટેશનના ઉંબરે પહોંચી લોહિયાળ બન્યો છે. ૩૦ જાન્યુઆરીએ પ્રકાશ માસ્તર દ્વારા નોંધાવેલી ચોરીની ફરિયાદ બાદ, સોમવારે સામા પક્ષના અબુતાલીબ રાઠોડે પ્રકાશ માસ્તર સહિત પાંચ લોકો સામે વળતી ફરિયાદ નોંધાવતા ચકચાર મચી છે. આ ઘટનાએ ગ્રામ્ય વિસ્તારોમાં વધતી જતી અસહિષ્ણુતાનો વરવો ચહેરો રજૂ કર્યો છે.

ઘટનાની વિગતો મુજબ, સચિન પટેલની જીનમાં કામ પતાવીને ઘરે આવેલા અબુતાલીબ અને તેના પિતાએ જ્યારે ફરાસખાના પાસે ટોળું જોયું ત્યારે મામલો બિચક્યો હતો. પટેલ વાડીના ગેટેથી ગુમ થયેલી હેલોજન લાઈટ બાબતે પૂછપરછ કરતાં જ પ્રકાશ માસ્તર ઉશ્કેરાઈ ગયા હતા. વાત એટલી વણસી કે આરોપીઓએ અબુતાલીબને પકડીને ટેમ્પો સાથે તેનું માથું અથાડી દીધું હતું. લોહીલુહાણ હાલતમાં અબુતાલીબને મોટા ફોફળિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને ૩ ટાંકા આવ્યા છે. જાનથી મારી નાખવાની ધમકી અને હિંસક હુમલાની આ ફરિયાદ બાદ શિનોર પીઆઈ જાડેજાએ તપાસની કમાન સંભાળી છે. ક્ષુલ્લક લાઈટની ચોરીના મામલામાં માથા ફૂટે ત્યાં સુધીની હિંસા શું પોલીસનો ડર ખતમ થઈ ગયો હોવાનું સૂચવે છે? બંને પક્ષોના આક્ષેપ-પ્રતિઆક્ષેપો વચ્ચે શિનોર પોલીસ હવે સત્ય શોધવા મથામણ કરી રહી

# વડોદરામાં વિકાસના નામે ભ્રષ્ટાચાર, તૂટતા ગટર ઢાંકણો પર સવાલ કોંગ્રેસ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં વડોદરા મહાનગરપાલિકા (VMC) દ્વારા કરવામાં આવતી કામગીરી હવે પ્રજા માટે આશીર્વાદને બદલે શ્રાપ સમાન બની ગઈ છે. શહેરમાં ચારેબાજુ રસ્તા ખોદવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, પરંતુ તેની ગુણવત્તા તદ્દન હલકી કક્ષાની હોવાનું સામે આવ્યું છે. અનેક વિસ્તારોમાં ગટર લાઇન અને રસ્તાના કામ પૂર્ણ થયા હોવાના દાવા કરાય છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે નવી ગટરના ઢાંકણ પણ પહેલેથી જ તૂટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે.

આ ગંભીર બેદરકારી સામે સવાલો ઉઠાવતા કોંગ્રેસ પ્રવક્તા વિશાલ પટેલે જણાવ્યું છે કે, શું કોર્પોરેશન પ્રજાના પરસેવાના રૂપિયાનો ધુમાડો કરી રહી છે? નબળા ઢાંકણો અને અણઘડ ખોદકામને કારણે વડોદરાના રસ્તાઓ હવે 'મોતનું છટકું' બની ગયા છે. સ્માર્ટ સિટીના પ્રોજેક્ટમાં જે રીતે ભ્રષ્ટાચારની મિલાવટ થઈ છે, તેનાથી શહેરનો એક પણ ખૂણો સુરક્ષિત રહ્યો નથી. અધિકારીઓની મિલીભગત વગર આવી હલકી કામગીરી શક્ય જ નથી. શું તંત્ર કોઈ જાનહાનિ થાય તેની રાહ જોઈ રહ્યું છે? જ્યારે નવા નાખેલા ઢાંકણ પણ ભાર ન ઝીલી શકતા હોય, ત્યારે એન્જિનિયરોની ડિગ્રી અને કોન્ટ્રાક્ટરોની દાનત પર મોટા પ્રશ્નાર્થો ઉભા થાય છે. જનતા પૂછી રહી છે કે વિકાસના નામે ક્યાં સુધી લોકોના જીવ જોખમમાં મૂકાશે?



**સંસ્કારી નગરી વડોદરામાં 'વિકાસ'ના નામે વિનાશ વેરાઈ રહ્યો છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા પૂરજોશમાં રસ્તા અને ગટરના કામો તો થઈ રહ્યા છે, પણ ગુણવત્તાના નામે મીંડું છે. નવા મુકાયેલા ગટરના ઢાંકણ અત્યારથી જ તૂટેલી હાલતમાં જોવા મળતા ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. કોંગ્રેસ પ્રવક્તા વિશાલ પટેલે વેધક સવાલ ઉઠાવ્યો છે કે, શું કોર્પોરેશન પ્રજાના ટેક્સના રૂપિયા વેડફવા જ બેઠું છે? આ અણઘડ કામગીરી કોઈ નિર્દોષનો ભોગ લેશે ત્યારે જ શાસકો જાગશે?**

# વડોદરા: જવાહરનગરમાં દારૂનું કટિંગ, મનોજ પાપડ વોન્ટેડ



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાનું જવાહરનગર પોલીસ સ્ટેશન શું ઊંઘતું હતું? કોયલી ગામની સીમમાં ૩૮ લાખના દારૂનું કટિંગ ચાલતું હતું ત્યારે SMC એ ત્રાટકીને ૩ આરોપીઓને દબોચી લીધા છે. લિસ્ટેડ બુટલેગર મનોજ પાપડનું આ નેટવર્ક શહેરના પશ્ચિમ વિસ્તારમાં ઝેર ફેલાવી રહ્યું છે. ૫૩ લાખના મુદ્દામાલની જપ્તી વચ્ચે ૧૫ આરોપીઓ પોલીસને થાપ આપી ફરાર થઈ ગયા છે. ખાખીની મિલીભગત વગર આટલો મોટો વેપાર અશક્ય છે.

# વડોદરામાં રીઢા રિક્ષા ચાલકે મહિલાનું પર્સ ચોર્યું



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના રસ્તાઓ પર હવે મહિલાઓ સુરક્ષિત નથી. વારસીયામાં એક્ટિવા પાસે રાખેલું પર્સ ચોરીને રિક્ષામાં ભાગી જનાર રીઢા ચોર શાહરૂખ ઉર્ફે નટુની ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરી છે. અગાઉ અનેક ગુનાઓમાં સંડોવાયેલ આ શખ્સ ફરી એકવાર ચોરી કરતા ઝડપાયો છે. કાયદાનો કોઈ ડર ન હોય તેમ આ રિક્ષા ચાલકો ખુલ્લેઆમ લૂંટ ચલાવી રહ્યા છે. શું પોલીસનો ખૌફ આવા ગુનેગારોમાં સાવ ખતમ થઈ ગયો છે?

# ડભોઈ: ભાવિ શિક્ષકો માટે પર્સનલ ગ્રોથ વર્કશોપ યોજાયો



**દૈનિક પલ્સ સમાચાર:** ઉચ્ચ શિક્ષણ વિભાગ અને KCG ના સહયોગથી ડભોઇની શેઠ એમ.એન.સી કોલેજમાં સોફ્ટ સ્કીલ ડેવલપમેન્ટ પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તા ડો. વિનોદભાઈ પટેલે તાલીમાર્થીઓમાં સર્જનાત્મકતા અને શિક્ષકત્વના ગુણો વિકસે તે હેતુથી રસપ્રદ વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ભાવિ શિક્ષકોને પર્સનલ અને પ્રોફેશનલ સ્તરે સજ્જ કરવાનો હતો, જેમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉત્સાહભેર જોડાયા હતા.

# ગુજરાત સરકારનો મોટો નિર્ણય: ઈનામી જમીન હવે 20% જંત્રી ભરી થશે કાયદેસર

## ઈનામી જમીન ધરાવતા હજારો કબજેદારોને રાહત, સરકારનો નવો નિર્ણય

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્ય સરકારે ઈનામી જમીન ધરાવતા હજારો કબજેદારો માટે એક મહત્વપૂર્ણ અને રાહતભર્યો નિર્ણય જાહેર કર્યો છે. વર્ષોથી ઈનામી જમીન પર ખેતી કે વસવાટ કરતા લોકો માટે હવે જમીન નિયમબદ્ધ કરવાનું કામ અત્યંત સરળ બનશે. ઈનામી જમીન એટલે કે જે બ્રિટીશ કાળ કે રાજા-રજવાડા વખતે ભેટમાં મળી હતી, તે જમીનો કાયદેસર રીતે ક્લિયર ન હોવાને કારણે ખેડૂતોને વેચાણ કે બેંક લોન લેવામાં મોટી મુશ્કેલીઓ પડતી હતી. હવે, પ્રવર્તમાન જંત્રીના માત્ર ૨૦ ટકા રકમ સરકારમાં જમા કરાવીને આ અનધિકૃત કબજાને નિયમબદ્ધ કરી શકાશે.

આ નિર્ણયનો વ્યાપ ઘણો મોટો રાખવામાં આવ્યો છે. તેમાં એવી જમીનોનો સમાવેશ થાય છે જે રી-ગ્રાન્ટ થઈ હતી પણ કિંમત ભરાઈ નહોતી, અથવા જે રી-ગ્રાન્ટ માટે પાત્ર હતી પરંતુ પ્રક્રિયા બાકી રહી ગઈ હતી. વળી, મૂળ ખેડૂતના વારસદારો અથવા જેમના નામે જમીન અગાઉ ટ્રાન્સફર થઈ છે તેવા હાલના કબજેદારો પણ આ યોજનાનો લાભ લઈ શકશે. સરકારનો મુખ્ય હેતુ મહેસૂલી વ્યવસ્થાને પારદર્શક બનાવવાનો અને લાંબા સમયથી ચાલતા જમીન વિવાદોનો કાયમી ઉકેલ લાવવાનો છે. આ નિર્ણયથી જમીનના રેકોર્ડ સ્પષ્ટ થશે અને લોકોને કાનૂની ગૂંચવણોમાંથી મુક્તિ મળશે. સાથે જ સરકારને પણ નિયમિત આવક પ્રાપ્ત થશે અને વહીવટી પ્રક્રિયા વધુ ઝડપી અને સરળ બનશે.



**રાજ્ય સરકારે ઈનામી જમીન ધારકો માટે રાહતકારી નિર્ણય લેતા હવે અનધિકૃત કબજાને નિયમબદ્ધ કરવાની મંજૂરી આપી છે. જમીનધારકો પ્રવર્તમાન જંત્રીના માત્ર ૨૦ ટકા રકમ ભરીને પોતાની જમીન કાયદેસર કરાવી શકશે, જેનાથી વર્ષો જૂના મહેસૂલી વિવાદોનો અંત આવશે.**

# અડાજણ: 22 લાખ લિંટર પાણીનો ભાર અને જજરિત પીલરો

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં તાજેતરમાં નવી બનેલી પાણીની ટાંકીઓ ધરાશાયી થવાની ઘટનાઓએ ભારે હોબાળો મચાવ્યો છે, ત્યારે સુરતના અડાજણ વિસ્તારની રિયાલિટી ચેકમાં જે દ્રશ્યો સામે આવ્યા છે તે કંપારી છૂટી જાય તેવા છે. અહીં ૨૨ લાખ લિટરની ક્ષમતાવાળી ટાંકી અત્યંત જોખમી હાલતમાં કાર્યરત છે. ટાંકીના મુખ્ય પીલરોમાં મોટી તિરાડો પડી છે અને લોખંડના સળિયા દેખાઈ રહ્યા છે. ૧૯૯૭માં બનેલી આ ટાંકીના દાદરથી લઈને તેના પાયા સુધી બધું જ જર્જરિત છે.

કોર્પોરેશનના એન્જિનિયરો જ્યારે આ બાબતે પ્રશ્નો પૂછાય ત્યારે કેમેરાથી મોઢું છુપાવતા જોવા મળ્યા હતા. સવાલ એ છે કે જો ૨૨ લાખ લિટર પાણીનો ભાર આ નબળી પડી ગયેલી ટાંકી સહન ન કરી શકી, તો આસપાસના સેંકડો પરિવારોનું શું થશે? ટાંકીની અંદરની ગંદકી પણ પીવાના પાણીની શુદ્ધતા પર પ્રશ્નાર્થો ઉભા કરે છે. તડકેશ્વર અને વલસાડની ઘટનાઓમાંથી બોધપાઠ લેવાને બદલે સુરતનું તંત્ર ભ્રષ્ટાચાર અને બેદરકારીની ચાદર ઓઢીને સૂતું છે. જે પાણી લોકોના ઘર સુધી પહોંચે છે તે બીમારીનું ઘર છે અને જે ટાંકીમાં તે ભરાય છે તે મોતનું ઘર છે. શું તંત્ર આ ટાંકી કોઈનો ભોગ લે ત્યારે જ જાગશે? જનતા હવે આ મામલે કડક તપાસ અને નવી ટાંકીના નિર્માણની માંગ કરી રહી છે.



# ફરી સુરત એરપોર્ટ રોડ પર બેફામ ઝડપે નિર્દોષો મર્યા, પોલીસ ક્યારે જાગશે?

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતના રસ્તાઓ પર નબીરાઓનો કહેર યથાવત્ છે. રવિવારની મોડી રાત્રે મગદલ્લા એરપોર્ટ રોડ પર વિરલ દેસાઈએ સર્જેલા વિચિત્ર અકસ્માતે સુરક્ષાના દાવાઓની પોલ ખોલી નાખી છે. પોતાની કાળા રંગની લક્ઝરી કાર પરથી કાબૂ ગુમાવી વિરલ દેસાઈએ ૨ મોપેડ અને ૩ કારનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો હતો. આ ટક્કર એટલી જોરદાર હતી કે મોપેડ પર સવાર ૨૧ વર્ષીય જય શાહ અને તેના મિત્ર વિક્કી પટેલ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર પટકાયા હતા. વિક્કીને મણકામાં ગંભીર ઈજા થતા તેને આઈસીયુમાં ખસેડાયો છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, આરોપી વિરલ દેસાઈ પોતાના દીકરાને લેવા જઈ રહ્યો હતો અને તે દરમિયાન તેને 'ખેંચ' આવતા અકસ્માત થયો હતો. પરંતુ દૈનિક પલ્સ સમાચાર પૂછે છે કે, શું દરેક અકસ્માત વખતે તબીબી કારણો આપીને નબીરાઓને છટકબારી આપવામાં આવશે? અકસ્માત બાદ જે રીતે વાહનોની હાલત ભંગાર જેવી થઈ ગઈ હતી તે પુરવાર કરે છે કે કારની ઝડપ મર્યાદા કરતા અનેકગણી વધુ હતી. ડુમસ પોલીસ અત્યારે કાર્યવાહીની વાતો કરે છે, પણ સુરતની જનતા ઈચ્છે છે કે આવા બેફામ ચાલકો સામે ઉદાહરણરૂપ દાખલો બેસાડવામાં આવે જેથી કરીને ફરી કોઈ નિર્દોષનું લોહી રસ્તા પર ન વહે.



**ડાયમંડ સિટી સુરત હવે અકસ્માતની નગરી બની રહી હોય તેમ લાગે છે. રવિવારે મોડી રાત્રે મગદલ્લા-ડુમસ રોડ પર વિરલ દેસાઈ નામના માલેતુજાર શખ્સે પોતાની લક્ઝરી કારથી કહેર વર્તાવ્યો હતો. પૂરપાટ ઝડપે જતી મહિન્દ્રા BE6 કારે એક મોપેડ અને ત્રણ કારને અડફેટે લેતા અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં પારુલ યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમાં એકને મણકામાં ફ્રેક્ચર થયું છે. તંત્ર માત્ર કેસ નોંધીને બેસી જાય છે, પણ નબીરાઓનો આ આતંક અટકવાનું નામ નથી લેતો.**

# પુણા: નશામાં મિત્રને પતાવી દીધો, 5 દિવસથી લાશની શોધખોળ

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેટલી કથળેલી છે તેનો પુરાવો પુણાની આ ઘટના છે. ૩ વર્ષ પહેલાં સગીરોએ નશામાં ઝઘડો કરી મિત્રની બોથડ પદાર્થ મારી હત્યા કરી અને લાશને કેનાલ રોડ પર દાટી દીધી. ચોંકાવનારી વાત એ છે કે, આટલા વર્ષો સુધી ન તો પરિવારને ખબર પડી ન તો પોલીસને ગંધ આવી. જ્યારે આરોપીઓ અંદરોઅંદર લડ્યા ત્યારે પાપ સપાટી પર આવ્યું. હવે પુણા પોલીસ પાંચ દિવસથી ૧૫ હજાર સ્ક્વેર ફૂટ વિસ્તાર ફંફોસી રહી છે, પણ લાશનો પત્તો નથી. ડીસીપી આલોક કુમાર ટેકનોલોજીની વાતો કરે છે, પણ સવાલ એ છે કે ગુમ થયેલા યુવકની તપાસ ૩ વર્ષ સુધી કેમ ન થઈ? શું નશાના રવાડે ચઢેલા સગીરો આટલી આસાનીથી કાયદાની આંખમાં ધૂળ નાખી શકે? પોલીસ અત્યારે માત્ર ખાડા ખોદી રહી છે, પરંતુ જમીનમાં દટાયેલું સત્ય અને ન્યાય હજુ પણ વેગળા દેખાય છે.

**પાપનો ઘડો ફૂટ્યો છે! સુરતના પુણામાં ૩ વર્ષ પહેલાં સગીરોએ નશામાં મિત્રની હત્યા કરી લાશ દાટી દીધી હતી. પોલીસે ૧૫ હજાર સ્ક્વેર ફૂટમાં ખોદકામ કર્યું છતાં હજુ સુધી નરાધમોએ દાટેલું 'સત્ય' મળતું નથી. તંત્રની લાચારી સામે સવાલ!**

# સાવલી: ટૂંડાવમાં GPL-2025 ક્રિકેટ લીગનો ભવ્ય પ્રારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** સાવલી પંથકના ક્રિકેટપ્રેમીઓ માટે આનંદના સમાચાર છે. ટૂંડાવ ગામે સી. આર. ભાલાવાત વિશાળ મેદાનમાં 'ગોઠડા પ્રીમિયર લીગ-૨૦૨૫' (GPL) ની ભવ્ય શરૂઆત થઈ છે. ભાલાવાત પરિવાર દ્વારા તૈયાર કરાયેલા આ મેદાન પર આયોજિત ઓપનિંગ સેરેમનીમાં ગુજરાત જાયન્ટ્સના સ્ટાર ક્રિકેટર તરન્નુમ પઠાણે હાજરી આપી ખેલાડીઓને જીત માટે પ્રેરણા આપી હતી. આ ઉદ્ઘાટન પ્રસંગે ટૂંડાવ અને ગોઠડાની ટીમો વચ્ચે રમાયેલી મેચમાં ખેલાડીઓનો અદભૂત કૌશલ્ય જોવા મળ્યું હતું. આ કાર્યક્રમમાં વર્ષોથી ક્રિકેટના વિકાસમાં ફાળો આપનાર સ્થાનિક સિનિયર ખેલાડીઓનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટના સફળ સંચાલન માટે અંકિત પટેલ (GPL કિટ સ્પોન્સર) અને શકિલભાઈ સૈયદે મહત્વનું યોગદાન આપ્યું છે. આ સિઝનમાં ચાર મજબૂત ટીમો—અલ ફલાહ, ક્રેઝી સ્ટ્રાઈકર્સ, ઉમંગ ગ્લાસ અને મામા ધ સરપંચ વચ્ચે રસાકસી જામશે. આયોજક નાસિરભાઈએ સ્પોન્સર્સ અને ગ્રામજનોનો આભાર માનતા કહ્યું કે, આ પ્રકારની ટુર્નામેન્ટથી ગ્રામીણ સ્તરે છુપાયેલી પ્રતિભાઓને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પહોંચવાની તક મળે છે.

**રિપોર્ટ : મહેન્દ્ર સોલંકી**




# સાવલી: ટૂંડાવમાં 30 યુગલોના નિકાહ, આઠમો સમૂહલગ્નોત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** સામાજિક ઉત્થાન અને કરકસરના માર્ગે ચાલવાના સંદેશ સાથે સાવલીના ટૂંડાવ ગામે એક ભવ્ય સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસંગ હતો સૈયદ હસનઅલી બાવા ના ૩૯મા ઉર્ષનો, જે અંતર્ગત સૈયદ ઝાકીરઅલી બાવા અને તેમના નિષ્ઠાવાન અનુયાયીઓ દ્વારા આઠમો સમૂહલગ્ન કાર્યક્રમ યોજાયો હતો. આજના સમયમાં જ્યારે લગ્ન પ્રસંગોમાં લાખો રૂપિયાનો ધુમાડો થતો હોય છે, ત્યારે ટૂંડાવની આ પવિત્ર ધરમી પરથી ૩૦ નવદંપતીઓએ સાદગીભર્યા નિકાહ દ્વારા નવી પેઢીને પ્રેરણા પૂરી પાડી હતી.

સવારથી જ ટૂંડાવ ગામે ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. વિવિધ ગામોથી આવેલા નવયુગલોએ ધાર્મિક પરંપરા મુજબ નિકાહની વિધિ સંપન્ન કરી વડીલો અને સમાજના અગ્રણીઓના આશીર્વાદ મેળવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય આયોજક સૈયદ ઝાકીરઅલી બાવા એ જણાવ્યું હતું કે સમૂહલગ્નનો મુખ્ય હેતુ મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારો પર આવતા આર્થિક બોજને હળવો કરવાનો અને સમાજમાં એકતા સ્થાપવાનો છે. આ લગ્નોત્સવમાં માત્ર નિકાહ જ પઢાવવામાં નહોતા આવ્યા, પરંતુ નવદંપતીઓને પોતાનું સંસારચક્ર ચલાવવામાં સરળતા રહે તે માટે આયોજકોએ ઉદાર હાથે ભેટસોગાદો અર્પણ કરી હતી. ભેટમાં પલંગ, લોખંડની તિજોરી સહિત ઘરવખરીની અનેક વસ્તુઓ સામેલ હતી. વડોદરા અને સાવલી પંથકના અનેક મહાનુભાવોએ આ પ્રસંગે હાજર રહી નવપરિણીત યુગલોને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. ઉર્ષના મેળામાં હજારો શ્રદ્ધાળુઓની હાજરી વચ્ચે આ સમૂહલગ્ન કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો. આ પ્રકારના આયોજનોથી સમાજમાં વ્યાપેલી દહેજ પ્રથા અને ખોટા ભપકા જેવા દૂષણો સામે લડવાની શક્તિ મળે છે. સાવલી વિસ્તારમાં આ આઠમો સમૂહલગ્નોત્સવ સફળ રહેતા આયોજકો અને સ્વયંસેવકોમાં ભારે હર્ષની લાગણી જોવા મળી હતી.

**સાવલીના ટૂંડાવ ગામે સૈયદ હસનઅલી બાવા ના ૩૯મા ઉર્ષ નિમિત્તે આઠમો સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. સૈયદ ઝાકીરઅલી બાવા ના માર્ગદર્શન હેઠળ ૩૦ નવદંપતીઓએ નિકાહ પઢી નવજીવનની શરૂઆત કરી. આયોજકોએ નવપરિણીત યુગલોને ઘરવખરીની ચીજવસ્તુઓ ભેટ આપી આશીર્વાદ પાઠવ્યા હતા. રિપોર્ટ : મહેન્દ્ર સોલંકી**

# વેજલપુર: ઓનલાઈન ગેમમાં ફસાયેલી સગીરા પર ઘરે જ દુષ્કર્મ

**દૈનિક પલ્સ સમાચાર:** ઓનલાઈન ગેમિંગના માધ્યમથી સગીરાઓને ફસાવવાનું એક મસમોટું નેટવર્ક કાર્યરત હોય તેમ લાગે છે. વેજલપુરની ૧૬ વર્ષની સગીરાને પશ્ચિમ બંગાળના એક છૂટક મજૂરે 'ફ્રી ફાયર' ગેમમાં પ્રેમની જાળમાં ફસાવી તેનું જીવન બરબાદ કરી નાખ્યું છે. આશિક ઉર્ફે અરમાન નામના આ યુવકે છેક બંગાળથી અમદાવાદ આવી સગીરાના ઘરને જ ગુનાનું સ્થળ બનાવ્યું. ઘરમાં કોઈ ન હોવાનો લાભ લઈ તેણે દુષ્કર્મ આચર્યું અને ૨૩ જાન્યુઆરીએ સગીરાને ટ્રેનમાં બેસાડીને બંગાળ લઈ જવા રવાના થયો હતો. પોલીસની સતર્કતાને કારણે ખડગપુર રેલવે સ્ટેશન પરથી આરોપીને ઝડપી લેવાયો છે, પરંતુ આ કેસ ટ્રાફિકિંગના મોટા જોખમ તરફ આંગળી ચીંધે છે. દૈનિક પલ્સ સમાચાર પ્રશ્ન ઉઠાવે છે કે, શું ગેમિંગ એપ્સ પર કોઈ સુરક્ષા પ્રોટોકોલ નથી? અક્ષય કુમારની દીકરી નિતારા સાથે બનેલી ઘટનાએ સાબિત કર્યું છે કે સેલિબ્રિટી હોય કે સામાન્ય નાગરિક, ઓનલાઈન શિકારીઓ દરેકને નિશાન બનાવી રહ્યા છે. એસીપી એ.બી. વાળંદના જણાવ્યા મુજબ આરોપીની ધરપકડ તો થઈ ગઈ છે, પણ શું આ ધરપકડ ઓનલાઈન થઈ રહેલા આ શારીરિક અને માનસિક શોષણને અટકાવી શકશે? સમાજમાં વધતી જતી આ બદી સામે માત્ર કાયદો નહીં પણ વાલીઓની સતર્કતા જ રક્ષણ આપી શકશે.

**ઓનલાઈન ગેમિંગના રવાડે ચઢેલી વેજલપુરની ૧૨ સાયન્સની સગીરા હવસનો શિકાર બની છે. ફ્રી ફાયર ગેમમાં પરિચય બાદ પશ્ચિમ બંગાળનો મજૂર અમદાવાદ આવી સગીરાના ઘરે જ દુષ્કર્મ આચરી તેનું અપહરણ કરી ફરાર થયો હતો.**

# AMC ની લાલિયાવાડી: એસજી હાઈવે પર નવો બમ્પ તૂટતા રાતોરાત સફાયો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રસ્તાઓ પરનો ભ્રષ્ટાચાર હવે બમ્પ સુધી પહોંચી ગયો છે. શહેરના દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં એસજી હાઈવે નજીક નિર્વાણા પાર્ટી પ્લોટ પાછળ મુમુદપુરાથી એલજે કોલેજ તરફ જતા નવા રોડ પર બનાવેલા બમ્પની જે હાલત થઈ છે, તે કોર્પોરેશનની લાલિયાવાડીનો જીવતો જાગતો પુરાવો છે. બમ્પમાં એટલી હદે તિરાડો અને ખાડા પડી ગયા હતા કે રાત્રિના સમયે પસાર થતા ટુ-વ્હીલર ચાલકો માટે જાનહાનિનું જોખમ સર્જાયું હતું. પોતાની આબરૂ બચાવવા માટે ઇજનેર વિભાગે ૨ ફેબ્રુઆરીએ રાતોરાત બમ્પ તોડીને રોડ સમથળ કરી દીધો, જેથી કોઈ ટેકનિકલ તપાસ ન થાય.

આ અંગે દક્ષિણ-પશ્ચિમ ઝોનના ઇજનેર અધિકારીનો બચાવ એટલો લૂલો છે કે તે સાંભળીને કોઈને પણ આશ્ચર્ય થાય. તેમનું કહેવું છે કે ભારે વાહનોની અવરજવરને કારણે બમ્પ ખસી ગયો હતો. સવાલ એ થાય છે કે શું રોડ અને બમ્પ બનાવતી વખતે લોડ બેરિંગ કેપેસિટીનું ધ્યાન રખાતું નથી? કે પછી કોન્ટ્રાક્ટરે હલકી ગુણવત્તાનું કામ કર્યું છે? આ માત્ર એક બમ્પની વાત નથી, સમગ્ર શહેરમાં રોડ ડિઝાઇનમાં અંધેર નગરી જેવી સ્થિતિ છે. ૨૩ જાન્યુઆરીએ જ સીજી રોડ અને લો ગાર્ડન આસપાસના ૧૦૦ કરોડના રોડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં ડિઝાઇનની ગંભીર ખામીઓ પકડાતા ૬ રોડના કામ બંધ કરાવવાની નોબત આવી હતી.

એક તરફ શહેરીજનો ભારે ટેક્સ ભરે છે અને બીજી તરફ તેમને આવા અણઘડ વહીવટના કારણે જોખમી રસ્તાઓ મળે છે. ભાજપના ચેરમેન હવે અધિકારીઓને પોલિસી બનાવવાની સૂચના આપી રહ્યા છે, પરંતુ સવાલ એ છે કે જ્યારે કરોડોના ખર્ચ મંજૂર થાય છે ત્યારે નિષ્ણાત એન્જિનિયરો ક્યાં હોય છે? બમ્પ તોડીને સાઈડમાં ફેંકી દેવો એ સમસ્યાનો ઉકેલ નથી, પણ જવાબદારો સામે કાર્યવાહી થવી જોઈએ. શું અમદાવાદની જનતાને ક્યારેય ટકાઉ રસ્તાઓ મળશે કે પછી કોર્પોરેશન 'બનાવો અને તોડો' ના ખેલમાં જ જનતાના નાણાં વેડફતી રહેશે?





# માનવતાની મિસાલ: મા-બાપ વિહોણી દીકરીઓનું બાપ બનશે આશ્રય ફાઉન્ડેશન

## અરવલ્લીમાં આશ્રય ફાઉન્ડેશન 11 દીકરીઓના લગ્ન કરાવશે


**દૈનિક પલ્સ સમાચાર:** "સેવા એ જ પરમો ધર્મ"ના સૂત્રને સાર્થક કરતા અરવલ્લી જિલ્લામાં આશ્રય ફાઉન્ડેશન દ્વારા એક એવી જાહેરાત કરવામાં આવી છે જેણે લાખો લોકોના દિલ જીતી લીધા છે. માલપુર તાલુકાના મહિયાપુર ગામમાં આદર્શ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત આશ્રય ફાઉન્ડેશન દ્વારા ૧૧ નિરાધાર દીકરીઓના નિઃશુલ્ક સમૂહલગ્ન યોજવાનો ઐતિહાસિક નિર્ણય લેવાયો છે. આ એ દીકરીઓ છે જેમણે કુદરતી આફત કે બીમારીને કારણે નાની ઉંમરે માતા-પિતાની છત્રછાયા ગુમાવી છે. રાજકીય પટલ પર સેવાના કાર્યોને પ્રાધાન્ય આપતી આ સંસ્થાએ સાબિત કર્યું છે કે જ્યારે સમાજ એકજૂથ થાય છે ત્યારે કોઈ દીકરી નિરાધાર નથી હોતી. ખોડિયાર મંદિર પરિસરના પવિત્ર વાતાવરણમાં આ તમામ દીકરીઓના લગ્ન હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ અને સંપૂર્ણ રજવાડી ઠાઠ સાથે કરવામાં આવશે. સંસ્થાના મુખ્ય સૂત્રધાર દક્ષેશ પટેલે આ મુહિમને જન-જન સુધી પહોંચાડવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે, "સમાજ જ્યારે બાપ બનીને ઉભો રહે છે ત્યારે દીકરીને ક્યારેય એકલાપણું અનુભવાતું નથી. અમે ઇચ્છીએ છીએ કે આ દીકરીઓ પણ અન્ય દીકરીઓની જેમ ગૌરવભેર પોતાનું નવું જીવન શરૂ કરે." આ આયોજનથી ન માત્ર ૧૧ પરિવારોમાં ખુશીઓ આવશે, પરંતુ સમાજમાં એક મોટો સંદેશ જશે કે સમૂહલગ્ન એ સમયની માંગ છે અને નિરાધારની સેવા એ ઈશ્વરની સાચી ભક્તિ છે. આશ્રય ફાઉન્ડેશનની આ પહેલને વિવિધ સંગઠનો અને વહીવટી તંત્ર દ્વારા પણ સમર્થન મળી રહ્યું છે. જે કોઈ નાગરિકની જાણમાં આવી મા-બાપ વિહોણી દીકરી હોય, તેઓ મોબાઈલ નંબર 9913172901 પર દક્ષેશ પટેલનો સંપર્ક કરી નોંધણી કરાવી શકે છે. અરવલ્લીની આ ભૂમિ પર સેવાના જે દીપ આશ્રય ફાઉન્ડેશને પ્રગટાવ્યા છે, તેની જ્યોત સમગ્ર રાજ્યમાં સેવાભાવી કાર્યો માટે નવી ઉર્જા આપશે તે નિશ્ચિત છે. **રિપોર્ટ : કેતન પટેલ**

**અરવલ્લી જિલ્લામાં માનવતાની મહેક પ્રસરી છે. આશ્રય ફાઉન્ડેશન દ્વારા સર્વ સમાજની ૧૧ મા-બાપ વિહોણી દીકરીઓના નિઃશુલ્ક લગ્નનું આયોજન કરાયું છે. માલપુરના મહિયાપુરમાં યોજાનારા આ મંગલ પ્રસંગે આખુંય પ્રશાસન અને સમાજ દીકરીનો 'બાપ' બની કન્યાદાન કરશે.**

# અમદાવાદ: શહીદના ચોકનું ફરી નામકરણ કરવા જતા AMC ફસાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી ચૂંટણીનો ગણગણાટ શરૂ થતા જ ભાજપી નેતાઓમાં તકતીઓ મારવાની હોડ જામી છે, જેમાં હવે શહીદોનું અપમાન પણ થઈ રહ્યું છે. સૈજપુર બોઘા વોર્ડમાં હીરાવાડી પાસે આવેલા જે સર્કલનું નામ ૪ વર્ષ પહેલાં પૂર્વ મેયરના હસ્તે 'વીર શહીદ ગોપાલસિંહ ભદોરીયા ચોક' રખાયું હતું, તેને જડબાતોડ જવાબ આપવા હોય તેમ AMCએ તે જ સર્કલનું નામ 'સ્વ. સાગરભાઈ દેસાઈ' આપવાનો ઠરાવ પસાર કરી દીધો. આ ગંભીર ભૂલ કે જાણી જોઈને કરાયેલું કૃત્ય? શહીદ પરિવારે આક્રોશ વ્યક્ત કરી આમરણ ઉપવાસની ચીમકી આપતા જ મેયરનો ઉદ્ઘાટન કાર્યક્રમ રદ કરી દેવો પડ્યો છે. શહીદના નામે રાજનીતિ કરનારા શાસકો માટે આનાથી મોટી શરમ બીજી કઈ હોય શકે?

બીજી બાજુ, કુબેરનગર વોર્ડમાં ગાર્ડનના લોકાર્પણમાં પણ ફિયાસ્કો જોવા મળ્યો. સિંધી સમાજને રીઝવવા ઝુલેલાલ ગાર્ડનનું નામ તો અપાયું, પણ કાર્યક્રમમાં મેયર પ્રતિભા જૈનને પોતાના જ પક્ષના કોર્પોરેટરોની રાહ જોવી પડી. સવારના ૧૧ વાગ્યાનો સમય હોવા છતાં કોર્પોરેટરો ડોકાયા નહોતા, છેવટે મેયરની હાજરીમાં માંડ બે કોર્પોરેટરો આવતા તકતીનું અનાવરણ કરાયું. એક તરફ શહીદનું અપમાન અને બીજી તરફ પક્ષની શિસ્તના ધજાગરા - અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટણી પૂર્વે જ ભાજપનો ગઢ અંદરખાને ગાબડાં પાડી રહ્યો હોય તેવું દ્રશ્ય દેખાઈ રહ્યું છે.




# અમદાવાદ: વાયુ પ્રદૂષણ રોકવા AMC એક્શન મોડમાં, 9 હોટસ્પોટ જાહેર

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં સતત વધતું હવા પ્રદૂષણ ચિંતાનો વિષય બન્યું છે, ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશને પ્રદૂષણ ઘટાડવા માટે બહુસ્તરીય આયોજન કર્યું છે. શહેરમાં મુખ્ય 9 હોટસ્પોટ વિસ્તારો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. બાંધકામ સાઇટ્સ પરથી ઉડતી ધૂળને રોકવા નવી પોલિસી હેઠળ ડસ્ટ સેન્સર અને ગ્રીન નેટનો ઉપયોગ ફરજિયાત કરાયો છે. આ નિયમોના ઉલ્લંઘન બદલ ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી 1.16 કરોડની પેનલ્ટી વસૂલવામાં આવી છે.

બાંધકામ કચરાના નિકાલ માટે ગ્યાસપુર ખાતે 1000 TPD ક્ષમતાનો પ્લાન્ટ કાર્યરત છે અને ડિસેમ્બર 2026 સુધીમાં બીજો પ્લાન્ટ શરૂ થશે. ધૂળને હવામાં ઉડતી રોકવા 16 ટ્રક-માઉન્ટેડ મિસ્ટ મશીનો અને 62 સ્વીપર મશીનો રસ્તાઓ પર તૈનાત કરવામાં આવ્યા છે. પર્યાવરણના સંતુલન માટે શહેરમાં 118 અર્બન ફોરેસ્ટ વિકસાવવામાં આવ્યા છે, જેનાથી ગ્રીન કવર વધીને 12.5% થયું છે. અમદાવાદમાં 1250 ક્લીન ફ્યુઅલ બસો અને 128 ઇલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશનો દ્વારા ગ્રીન ટ્રાન્સપોર્ટને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. વર્ષ 2030માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ પૂર્વે શહેરને 'સ્વચ્છ હવા અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' ના લક્ષ્ય સુધી પહોંચાડવા માટે રૂ. 624 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ તમામ પગલાંઓથી આગામી સમયમાં એર ક્વોલિટીમાં નોંધપાત્ર સુધારો થવાની આશા છે.




# અમદાવાદ: મિક્સર ટ્રક નીચે 100 મીટર ઘસડાતા ATS ASIનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના રસ્તાઓ હવે નિર્દોષ નાગરિકો માટે મોતના છટકા સમાન બની ગયા છે. ગત ૨ ફેબ્રુઆરીએ એસપી રિંગ રોડ પર ગુજરાત ATSના ASI અજીત નાંદેનું કમકમાટીભર્યું મોત ટ્રાફિક વ્યવસ્થાની પોલ ખોલે છે. વૈષ્ણવ દેવીથી ઝુંડાલ તરફ જતાં અજીતભાઈના બાઈકને એક એક્ટિવા ચાલકે અચાનક મુખ્ય રોડ પર આવીને ટક્કર મારી હતી. આ ટક્કર બાદ ASI મિક્સર ટ્રકના ટાયર નીચે આવી ગયા અને ૧૦૦ મીટર સુધી ઘસડાયા હતા. રસ્તા પર લોહીના ખાબોચિયા અને અંગોના લોચા જોઈ લોકોના કાળજા કંપી ગયા હતા.

શહેરમાં અકસ્માતની આ વણઝાર અહીં જ નથી અટકતી. પૂર્વ વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં અન્ય બે જીવલેણ અકસ્માતો નોંધાયા છે. ઓઢવમાં ટ્રક ચાલકે કડિયાકામ કરતા મજૂરને કચડી નાખ્યો અને વટવામાં ક્રેન ચાલકે એક વૃદ્ધાનો જીવ લીધો. ત્રણેય ઘટનાઓમાં અકસ્માત બાદ ચાલકો વાહન મૂકીને નાસી છૂટ્યા છે. શું પોલીસ ચેકપોસ્ટો માત્ર હેલ્મેટ અને પીયુસીના નામે દંડ વસૂલવા માટે જ છે? ભારે વાહનોની અનિયંત્રિત ગતિ અને રિંગ રોડ પર સર્વિસ રોડથી મુખ્ય માર્ગ પર આવતા વાહનો પર કોઈ લગામ કેમ નથી? પોલીસ અધિકારીઓના મોત થાય ત્યારે પણ જો તંત્ર ન જાગતું હોય, તો સામાન્ય જનતાની સુરક્ષા કોના ભરોસે?





**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# જનોડ ચોરીનો બનાવ: અમુલ ડેરી ચેરમેન અને પ્રભારીએ લીધી મુલાકાત

**દૈનિક પલ્સ સમાચાર:** દાહોદ જિલ્લાના જનોડ ગામે થયેલી ચોરીની ઘટના બાદ અમુલ ડેરીના ચેરમેન વિપુલભાઈ (શાભેસિંહ) પરમાર અને અમુલ ડેરીના ડિરેક્ટર તથા દાહોદ જિલ્લા પ્રભારી પપ્પુ પાઠકે રૂબરૂ મુલાકાત લીધી હતી. જનોડ ગામમાં બનેલી આ ઘટનાથી સ્થાનિક રહિશોમાં ભયની લાગણી ફેલાઈ છે, ત્યારે આ અગ્રણીઓએ ગામની મુલાકાત લઈને અસરગ્રસ્ત પરિવારોને સાંત્વના પાઠવી હતી. ચેરમેન વિપુલભાઈ પરમારે મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, ખેડૂતો અને પશુપાલકો સાથે જોડાયેલી સંસ્થા તરીકે અમુલ હંમેશા લોકોના સુખ-દુઃખમાં સહભાગી રહે છે. જનોડમાં થયેલી ચોરીના બનાવ અંગે તેમણે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. બીજી તરફ જિલ્લા પ્રભારી પપ્પુ પાઠકે સ્થાનિકો સાથે વાતચીત કરી સુરક્ષાના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. તેમણે ખાતરી આપી હતી કે આ બાબતે પોલીસ પ્રશાસન અને વહીવટી તંત્ર સાથે સંકલન સાધીને તપાસમાં ગતિ લાવવામાં આવશે, જેથી ગુનેગારો વહેલી તકે જેલના સળિયા પાછળ હોય. આ મુલાકાત દરમિયાન નેતાઓએ ગ્રામજનોને ધીરજ રાખવા અપીલ કરી હતી અને ખાતરી આપી હતી કે યોગ્ય ન્યાય મળે ત્યાં સુધી તેઓ આ મામલે પૂરતો સહયોગ આપશે. ઉચ્ચ હોદ્દેદારોની આ મુલાકાતથી જનોડ ગામના લોકોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

**રિપોર્ટ : હસમુખ નાયક**



**અમુલ ડેરીના ચેરમેન વિપુલભાઈ પરમાર અને દાહોદ જિલ્લા પ્રભારી પપ્પુ પાઠકે જનોડ ગામે થયેલ ચોરીના બનાવની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે અસરગ્રસ્તો સાથે વાતચીત કરી આ મામલે યોગ્ય તપાસ અને ન્યાય મળે તે માટે ખાતરી આપી હતી.**

# પ્રાંતિજમાં નવજાત શિશુને ત્યજી દેવાતા મોત, હાહાકાર

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠાના પ્રાંતિજમાં ફરી એકવાર "માતા" શબ્દ કલંકિત થયો છે. તખતગઢ રોડ પર એક ત્યજી દેવાયેલું મૃત બાળક મળી આવતા પંથકમાં હાહાકાર મચી ગયો છે. રવિવારના રોજ તળાવના ગરનાળા પાસે આ શિશુને લાવારિસ હાલતમાં ફેંકી દેવામાં આવ્યું હતું. સ્થાનિકોની જાણ બાદ ૧૦૮ની ટીમ આવી હતી, પરંતુ વિધિની વક્રતા એ હતી કે બાળકનો શ્વાસ પહેલેથી જ થંભી ગયો હતો.

ફતેપુરા-મહેતા વાસના ૫૬ વર્ષીય મુકેશભાઈ પંચાલની ફરિયાદ પરથી પોલીસે અજાણી મહિલા સામે ગુનો દાખલ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. સોમવારે હિંમતનગર સિવિલમાં બાળકના પોસ્ટમોર્ટમ બાદ DNA સેમ્પલ લેવાયા છે, જેથી ભવિષ્યમાં તેની ઓળખ થઈ શકે. પીઆઈ નારાયણસિંહ ઉમટ આ કેસમાં હોસ્પિટલોના રેકોર્ડ તપાસી રહ્યા છે. સવાલ એ ઊભો થાય છે કે શું આ બાળકને જીવતું ફેંકાયું હતું અને ઠંડી કે ભૂખથી તેનું મોત થયું? આવા કિસ્સાઓ સમાજની વરવી વાસ્તવિકતા દર્શાવે છે. કાયદાનો ડર ન હોય તેમ ખુલ્લેઆમ નવજાત શિશુઓને મોતના મુખમાં ધકેલી દેવામાં આવે છે. પ્રાંતિજ પોલીસ હવે આસપાસની મેટરનિટી હોસ્પિટલોના ડેટા એકઠા કરી રહી છે, જેથી તે શિશુને જન્મીને રસ્તા પર મરવા છોડી દેનાર "જલ્લાદ" માતા સુધી પહોંચી શકાય. **રિપોર્ટ : જનક જાદવ**



# સેવાલિયા પોલીસે ફિલ્મી પીછો કરી ૧૨.૬૯ લાખનો વિદેશી દારૂ ઝડપી ખેડા જિલ્લામાં

**દૈનિક પલ્સ સમાચાર:** ગળતેશ્વર તાલુકાના સેવાલિયા પોલીસ સ્ટેશનની હદમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતો એક મોટો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સેવાલિયા પોલીસે નેતરીયા ગામની સીમમાં ફિલ્મી સ્ટાઈલે ફિલ્ડિંગ ગોઠવીને વિદેશી દારૂની મસમોટી ખેપ પકડી પાડી છે. ચોક્કસ બાતમી હતી કે એક પિકઅપ ડાલામાં દારૂનો જથ્થો છુપાવીને પસાર કરવામાં આવી રહ્યો છે. જ્યારે પોલીસે શંકાસ્પદ ડાલાને અટકાવ્યું, ત્યારે તેમાં છુપાવેલા ૧૨૦૦ નંગ 'રોયલ બ્લુ માલ્ટ વિસ્કી' ના ક્વાર્ટર મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા દારૂની કિંમત ૧૨,૬૯,૫૦૦ રૂપિયા છે અને ડાલા સહિત કુલ મુદ્દામાલ ૧૫.૬૯ લાખ સુધી પહોંચ્યો છે. પોલીસે સ્થળ પરથી બે બુટલેગરો, ધર્મેશ અશોકભાઈ રાઠોડ અને ઈશ્વર ઉર્ફે છોટા મનુભાઈ પરમારને દબોચી લીધા છે. દૈનિક પલ્સ સમાચાર આ તબક્કે વેધક પ્રશ્ન ઉઠાવે છે કે, શું ગુજરાતમાં દારૂબંધી માત્ર આમ જનતા માટે જ છે? બુટલેગરો આટલી હિંમત સાથે લાખોનો માલ ભરેલું વાહન હાઈવે પર કેવી રીતે દોડાવે છે? આરોપીઓ વિરુદ્ધ ગુનો તો નોંધાયો છે, પરંતુ આ દારૂનો જથ્થો કયા સ્ટેટમાંથી આવ્યો અને ખેડામાં તેને કોણ રિસીવ કરવાનું હતું? પોલીસ ઘણીવાર નાના પ્યાદાઓને પકડીને કેસ પૂરો કરી દે છે, જેના કારણે આ ગેરકાયદે વેપાર ક્યારેય અટકતો નથી. નેતરીયા ગામની સીમમાંથી આટલી મોટી માત્રામાં દારૂ  ઝડપાયો તે પોલીસની સક્રિયતા ચોક્કસ દર્શાવે છે, પરંતુ તે એ પણ સાબિત કરે છે કે અંદરખાને દારૂનો કારોબાર કેટલો ફૂલ્યો- ફાલ્યો છે. જો પોલીસ ખરેખર બદી નાબૂદ કરવા માંગતી હોય, તો આ દારૂ મોકલનાર 'મોટા માથા' સુધી પહોંચવું પડશે. હાલમાં તો સેવાલિયા પોલીસે બંને આરોપીઓને રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરી છે, જેથી આ રેકેટના અન્ય છેડાઓ શોધી શકાય.

**રિપોર્ટ : હસમુખ નાયક**



**બાલાસિનોરમાં ૧૩ વર્ષના બાળકને મહિલા પીઆઈએ ઢોર માર મારતા ચકચાર મચી છે. એસપી સફીન હસને ફરિયાદ લેવાને બદલે તપાસના બહાને પોતાના અધિકારીનો બચાવ કરતા કાયદો અને વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉઠ્યા છે. શું ખાખી વરદી ધારાસભ્યોથી પણ ઉપર છે?**

# ભરૂચના તવરામાં આંબાવાડીમાં ચાલતું જુગારધામ ઝડપાયું, પાંચ જેલભેગા

## ભરૂચ: તવરા ગામે આંબાવાડીમાં ચાલતા જુગારધામ પર પોલીસનો દરોડો

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ શહેરના તવરા ગામની સીમમાં આંબાવાડીની આડમાં ચાલતા જુગારધામનો પર્દાફાશ થયો છે. પોલીસની "ઝીરો ટોલરન્સ" ની નીતિ વચ્ચે પણ અસામાજિક તત્વો બેફામ બની જુગારના અડ્ડા ચલાવી રહ્યા છે. આઈજી સંદિપસિંહ અને એસપી અક્ષયરાજની સૂચના હેઠળ જ્યારે સી ડીવીઝન પોલીસ પેટ્રોલિંગમાં હતી, ત્યારે તવરા ગામે ગોપાલનગરી પાસેના ખેતરમાં જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.

રેઈડ દરમિયાન પોલીસે મુકેશ મનુભાઈ વસાવા (રહે. તવરા) ને ઝડપી લીધો હતો, જે આ જુગારધામનો સંચાલક હોવાનું બહાર આવ્યું છે. તેની સાથે અનિલ અશોકભાઈ વસાવા, જીતુ જશુભાઈ રાવળ, અર્જુન રણછોડભાઈ વસાવા અને પ્રવીણ અંબાલાલ પરમાર પણ પત્તા ટીંચતા ઝડપાયા હતા. આ પાંચેય આરોપીઓ મજૂરી અને ડ્રાઈવિંગના વ્યવસાય સાથે જોડાયેલા હોવા છતાં જુગારના રવાડે ચઢી ગયા છે. પોલીસે રોકડ રકમ અને જુગારના સાધનો જપ્ત કરી પ્રોહિબિશન અને જુગાર ધારા હેઠળ ગુનો નોંધ્યો છે. આંબાવાડી જેવી જગ્યાઓ હવે અસામાજિક પ્રવૃત્તિઓનું સુરક્ષિત ઠેકાણું બની રહી હોય તેમ જણાય છે. શું આ કાર્યવાહી બાદ તવરા વિસ્તાર જુગારમુક્ત બનશે કે પછી થોડા દિવસોમાં ફરી પાછા આવા અડ્ડાઓ શરૂ થઈ જશે? તે એક મોટો પ્રશ્ન છે. **રિપોર્ટ : શૈલેષ સોલંકી**




**ભરૂચના તવરા ગામે આંબાવાડીની આડમાં ચાલતું જુગારધામ આખરે ઝડપાઈ ગયું છે. સી ડીવીઝન પોલીસે દરોડો પાડી મુકેશ વસાવા સહિત પાંચ જુગારીઓને રોકડ રકમ અને સાહિત્ય સાથે દબોચી લીધા છે. શાંત ગણાતા વિસ્તારોમાં પણ હવે જુગારના અડ્ડાઓ ફૂટી નીકળ્યા છે.**

# વાલિયા: મેરા ગામે લિસ્ટેડ બુટલેગર રમેશ વસાવા પર પોલીસની રેડ

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ પોલીસના ઉચ્ચ અધિકારીઓ ભલે ગુનાખોરી નાબૂદ કરવાના દાવા કરે, પરંતુ વાલિયાના મેરા ગામમાં પકડાયેલો દારૂનો જથ્થો વાસ્તવિકતા કંઈક અલગ જ દર્શાવે છે. લિસ્ટેડ બુટલેગર રમેશ માધુભાઈ વસાવાએ પોતાના જ ખેતરને દારૂના ગોડાઉનમાં ફેરવી નાખ્યું હોવાનું સામે આવ્યું છે. વાલિયા પોલીસ ઇન્સ્પેક્ટર એમ.બી. તોમરના માર્ગદર્શન હેઠળ ટીમે જ્યારે મેરા ગામની સીમમાં રેઈડ કરી, ત્યારે ઝાડી-ઝાંખરામાં સંતાડેલો ૨.૫૧ લાખનો પ્રોહિબિશન મુદ્દામાલ મળી આવ્યો હતો.

કુલ ૮૧૬ નંગ વિદેશી દારૂની બોટલ અને બીયરના ટીન જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આટલો મોટો જથ્થો વેચાણ કરવાના ઈરાદે લાવી સંતાડવામાં આવ્યો હતો. રમેશ વસાવા સામે અગાઉ પણ અનેક ગુના નોંધાયેલા છે, જે સાબિત કરે છે કે તેને કાયદાનો કોઈ ડર નથી. પોલીસની આ રેઈડમાં મુદ્દામાલ તો પકડાયો પણ આરોપી પોલીસને ચકમો આપી ભાગી છૂટ્યો છે. શું બુટલેગરોને પોલીસના આગમનની અગાઉથી જાણ થઈ જાય છે? 'દૈનિક પલ્સ સમાચાર' પ્રશ્ન ઉઠાવે છે કે લિસ્ટેડ બુટલેગરો સામે આખરી કાર્યવાહી ક્યારે? વોન્ટેડ બુટલેગરને પકડવા માટે પોલીસ હવે હાથ-પગ મારી રહી છે, પરંતુ પ્રજાના સ્વાસ્થ્ય અને કાયદા સાથે ચેડાં કરનારા આવા તત્વો સામે કડક કદમ ઉઠાવવાની તાતી જરૂર છે.

**રિપોર્ટ : શૈલેષ સોલંકી**




# મહેસાણા: ભેળસેળિયાઓ પર તવાઈ, પનીર-ઘી-દહીંના નમૂના લેવાયા

**દૈનિક પલ્સ સમાચાર:** મહેસાણાના બેચરાજીમાં ફૂડ વિભાગના દરોડાએ ડેરી માલિકોના કાળા કારનામા ખુલ્લા પાડ્યા છે. "શુદ્ધ આહાર" ના નામે અશુદ્ધિ પીરસતી ૪ પેઢીઓ સામે તંત્રએ લાલ આંખ કરી છે. જિલ્લા ફૂડ અધિકારી વી.જે. ચૌધરીના આદેશથી ફૂડ સેફ્ટી ઓફિસરોએ આજે બેચરાજી અને હારીજ રોડ પરની ડેરીઓમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

આ તપાસમાં ચડાસણા હાઈવે પરની બ્રહ્માણી ડેરી અને પરી ડેરીના પાપે ૧૮૦ કિલો અખાદ્ય માવો પકડાયો હતો, જે માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી હતો. ફૂડ વિભાગે આ જથ્થાને ગટરમાં પધરાવી દીધો હતો. આ ઉપરાંત ગણેશ ડેરી એન્ડ પાર્લરમાંથી પનીર અને સોમનાથ એમ્પાયરમાંથી લૂઝ દહીંના સેમ્પલ લેવામાં આવ્યા છે. લગ્ન અને તહેવારોના નામે નફાખોરી કરવા બેઠેલા આ વેપારીઓ લોકોના આંતરડામાં ઝેર ઠાલવી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું છે કે લેબોરેટરી રિપોર્ટમાં ભેળસેળ જણાશે તો કડક કાર્યવાહી થશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આવા દરોડા બાદ પણ ભેળસેળ અટકતી નથી. શું ફૂડ વિભાગ આ વખતે આ પેઢીઓ સામે દાખલારૂપ જેલની સજા કરાવશે કે પછી રાબેતા મુજબ કાગળ પરની કાર્યવાહી જ ચાલુ રહેશે? પ્રજા હવે ઠોસ પરિણામની અપેક્ષા રાખી રહી છે. **રિપોર્ટ : ભુરાજી ઝાલા**



**લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા નફાખોરો પર મહેસાણા ફૂડ વિભાગે લાલ આંખ કરી છે. બેચરાજીમાં દરોડા પાડી ૧૮૦ કિલો અખાદ્ય માવો ઉકરડે ફેંકાયો છે. પનીર, ઘી અને દહીંના શંકાસ્પદ નમૂના લઈ ૪ પેઢીઓ સામે સકંજો કસાયો છે.**

# ફાગવેલ તાલુકાના લોકાર્પણ માટે CMના કાર્યક્રમની તૈયારી

**દૈનિક પલ્સ સમાચાર**: આવનાર ૫ ફેબ્રુઆરીએ વીરભૂમિ ફાગવેલ ખાતે એક નવો ઇતિહાસ લખાવા જઈ રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા નવા ફાગવેલ તાલુકાને કાર્યરત કરવામાં આવનાર હોવાથી સમગ્ર પંથકમાં ઉત્સાહનો માહોલ છે. આ કાર્યક્રમની પૂર્વતૈયારીના ભાગરૂપે કપડવંજ તાલુકાના પંચાયત સદસ્યો અને વિવિધ ગામોના સરપંચશ્રીઓ સાથે મંગળવારે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં મુખ્ય માર્ગદર્શન આપતા કપડવંજ-કઠલાલના ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલાએ જણાવ્યું કે, નવો તાલુકો બનવો એ આ વિસ્તારના વિકાસ માટે માઈલસ્ટોન સાબિત થશે. બાલાસિનોરના ધારાસભ્ય શ્રી માનસિંહ ચૌહાણે પણ ઉપસ્થિત રહીને વહીવટી અને કાર્યક્રમ લક્ષી વ્યવસ્થાઓ અંગે સૂચનો આપ્યા હતા. બેઠકમાં પધારેલા સરપંચોને પોતપોતાના ગ્રામ્ય વિસ્તારમાંથી વધુમાં વધુ લોકો આ ગૌરવશાળી ક્ષણના સાક્ષી બને તે માટે આહવાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્ટેજ વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા અને વાહન પાર્કિંગ જેવી બાબતો પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. ફાગવેલ ધામ ખાતે મુખ્યમંત્રીના આગમનને વધાવવા સ્થાનિક તંત્ર અને રાજકીય આગેવાનો રાત-દિવસ મહેનત કરી રહ્યા છે.

**રિપોર્ટ : દિપક પરમાર**






# દેવગઢ બારીયા: રૂવાબારીમાં ભવ્ય વિરાટ હિન્દૂ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું

**દૈનિક પલ્સ સમાચાર:** દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના રૂવાબારી ગામે સંગઠિત શક્તિના દર્શન કરાવતું 'વિરાટ હિન્દૂ સંમેલન' સંપન્ન થયું. સંગઠન અને સેવાના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા હોવાના ઐતિહાસિક અવસરે હિન્દૂ સંમેલન સમિતિ દ્વારા આ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં પંથકના હજારો લોકો ઉમટી પડ્યા હતા. કાર્યક્રમના મુખ્ય વક્તા ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડે સમાજની એકતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, "આજની જરૂરિયાત સમાજને વધુ સક્ષમ અને આત્મનિર્ભર બનાવવાની છે." તેમણે વધુમાં ઉમેર્યું કે શિક્ષણ અને સંસ્કાર એ કોઈ પણ સમાજના વિકાસનો પાયો છે, તેથી દરેક પરિવારે પોતાના બાળકોને રાષ્ટ્રપ્રેમના પાઠ ભણાવવા જોઈએ.

સંમેલન દરમિયાન હિન્દૂ સંસ્કૃતિના સંરક્ષણ અને સામાજિક સેવાના કાર્યોમાં સહભાગી થવા માટે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વક્તાઓએ જણાવ્યું હતું કે સેવાના ૧૦૦ વર્ષની આ યાત્રા આપણને એકજૂથ થઈને રાષ્ટ્રહિતમાં કાર્ય કરવાની પ્રેરણા આપે છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે અંતેલા મંડળના કાર્યકરો અને ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રકારના સંમેલનોથી ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક ચેતના અને રાષ્ટ્રવાદની ભાવના વધુ પ્રબળ બની છે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ ચૌહાણ**




**દેવગઢ બારીયાના રૂવાબારી ખાતે સંગઠન અને સેવાના ૧૦૦ વર્ષ નિમિત્તે 'વિરાટ હિન્દૂ સંમેલન' યોજાયું હતું. ધારાસભ્ય બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં હિન્દૂ સમાજને જાગૃત, સંગઠિત અને આત્મનિર્ભર બનવા આહવાન કરવામાં આવ્યું હતું.**

# પ્રવીણ રામ: 108 દિવસના જેલવાસ બાદ માં સોનલના શરણમાં

**દૈનિક પલ્સ સમાચાર:** ૧૦૮ દિવસનો લાંબો જેલવાસ પૂર્ણ કર્યા બાદ આમ આદમી પાર્ટીના મજબૂત ખેડૂત નેતા પ્રવીણ રામ ફરીથી સક્રિય થયા છે. જેલમુક્તિ બાદ તેઓ કોઈ રાજકીય કાર્યક્રમમાં જવાને બદલે સીધા જ સમગ્ર ગુજરાતની આસ્થાનું કેન્દ્ર એવા આઈશ્રી સોનલધામ મઢડા ખાતે દર્શન માટે પહોંચ્યા હતા. માં સોનલના દર્શન કર્યા બાદ તેમણે સોશિયલ મીડિયાના માધ્યમથી રાજ્યભરના ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, ખેડૂતોના હક્કો માટેની લડાઈમાં તેમને જેલવાસ વેઠવો પડ્યો હતો, પરંતુ તે લડત હવે અટકશે નહીં. પ્રવીણ રામે માં સોનલના ચરણોમાં શિશ ઝુકાવી પ્રાર્થના કરી હતી કે, "આવનારા દિવસોમાં માતાજી અમને ગુજરાતના ખેડૂતોના હિતમાં લડવા માટે વધુ હિંમત અને શક્તિ પ્રદાન કરે."

તેમણે ઉમેર્યું હતું કે, ખેડૂતો સામે થતા અન્યાય સામે તેમનો અવાજ વધુ બુલંદ થશે. માં સોનલ પર અતુટ શ્રદ્ધા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, માતાજીના આશીર્વાદથી ગુજરાતનો ખેડૂત ન્યાય મેળવશે અને ખેડૂત પરિવારો સમૃદ્ધ થશે. પ્રવીણ રામની જેલમુક્તિ બાદ સીધી માતાજીના ધામની મુલાકાતને તેમના આધ્યાત્મિક અને સામાજિક અભિગમ તરીકે જોવામાં આવી રહી છે. આગામી દિવસોમાં તેઓ ખેડૂતોના મુદ્દે ફરી મેદાને ઉતરે તેવી પૂરેપૂરી શક્યતા છે. **રિપોર્ટ : હર્ષ ભરડા**



# કેશોદ: જરૂરિયાતમંદ પરિવારો માટે સેવાભાવી મિત્રોની અનોખી પહેલ

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદ શહેરના મધ્યમ અને ઉચ્ચ વ્યાવસાયિક વર્ગના મિત્રોએ સાબિત કરી દીધું છે કે જો ઈચ્છાશક્તિ હોય તો સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે. શહેરના પ્રતિષ્ઠિત ડોક્ટરો, વકીલ મિત્રો અને ઉદ્યોગપતિઓના સંગાથથી બનેલા એક સેવાભાવી ગ્રુપ દ્વારા તાજેતરમાં ઝૂંપડપટ્ટી વિસ્તારના જરૂરિયાતમંદ પરિવારો માટે સહાયનો હાથ લંબાવવામાં આવ્યો હતો. આ મિત્રોએ ભેગા મળીને ભંડોળ એકઠું કરી ગરીબ પરિવારોને ઠંડીમાં રક્ષણ આપવા માટે ધાબળા, બાળકો માટે બિસ્કિટ અને પગમાં પહેરવા માટે ચપ્પલની કીટનું વિતરણ કર્યું હતું. આ માનવસેવાના કાર્યમાં ભરતભાઈ કક્કડ, શૈલેષભાઈ કક્કડ, અનિલભાઈ ગામી, દીપકભાઈ સોલંકી અને નિલેશભાઈ જેઠવા જેવા સેવાભાવીઓએ સક્રિય રસ લીધો હતો. આ ઉપરાંત, પોલીસ કોન્સ્ટેબલ હેતલબેને પણ ઉપસ્થિત રહીને માનવતાના આ કાર્યમાં સહયોગ આપ્યો હતો. આ ગ્રુપની વિશેષતા એ છે કે તેઓ વર્ષના તમામ મુખ્ય તહેવારો ગરીબ પરિવારો સાથે ઉજવે છે. દિવાળીમાં જ્યારે લોકો પોતાના ઘરમાં દીવા પ્રગટાવતા હોય, ત્યારે આ ગ્રુપ ગરીબોના ઘરે મીઠાઈ અને ફટાકડા પહોંચાડે છે. હોળી-ધૂળેટીમાં ખજૂર-ધાણી, દશેરામાં મીઠાઈ અને ઉનાળાની સીઝનમાં મોંઘી ગણાતી કેરીઓનું પણ જરૂરિયાતમંદોમાં વિતરણ કરવામાં આવે છે.

આ સેવાકીય પ્રવૃત્તિઓ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે સમાજના છેવાડાના માણસને પણ એવો અહેસાસ થાય કે સમાજ તેમની સાથે ઉભો છે. કોઈપણ પ્રકારના પ્રચાર-પ્રસાર વગર વર્ષોથી ચાલતી આ સેવા પ્રવૃત્તિ હવે કેશોદની ઓળખ બની ગઈ છે. નગરજનો પણ આ ગ્રુપની કાર્યપદ્ધતિ અને પારદર્શકતાથી પ્રભાવિત થઈને તેમને આવકારે છે. સેવાના આ યજ્ઞમાં જોડાયેલા તમામ મિત્રોનું માનવું છે કે સાચી ખુશી બીજાના ચહેરા પર સ્મિત લાવવામાં છે. કેશોદના આ સેવાભાવી ગ્રુપની કામગીરી ખરેખર વંદનીય અને અનુકરણીય છે.

**રિપોર્ટ : હર્ષ ભરડા**



# અમદાવાદ: શુભ રાત નિમિત્તે ઈકબાલ શેખ દ્વારા વિસ્તારમાં સફાઈ ઝુંબેશ

## અમદાવાદ: શુભ રાત નિમિત્તે સફાઈ અને લાઈટ રિપેરિંગ કામગીરી

**દૈનિક પલ્સ સમાચાર:** આગામી શુભ રાતના તહેવારની તૈયારીના ભાગરૂપે, મ્યુનિસિપલ કાઉન્સિલર ઈકબાલ શેખે સ્થાનિક સમુદાયની સહાય માટે મોટા પાયે નાગરિક જાળવણી અભિયાન શરૂ કર્યું છે. તહેવાર દરમિયાન અપેક્ષિત ભીડને ધ્યાનમાં રાખીને, કાઉન્સિલરે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને સત્તાવાર પત્ર લખી સ્વચ્છતા અને માળખાગત સુવિધાઓમાં તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી હતી.

આ અભિયાન ખાસ કરીને હાથીખાના ચાર રસ્તાથી ડબ્બા બજાર સુધીના વ્યસ્ત માર્ગને લક્ષમાં રાખીને ચલાવવામાં આવ્યું હતું. પ્રાથમિક ઉદ્દેશ્યોમાં રસ્તાઓને એકદમ સ્વચ્છ રાખવા, રાત્રિની પ્રાર્થના દરમિયાન સુરક્ષા માટે કાર્યરત સ્ટ્રીટ લાઈટોની ખાતરી કરવી અને પાણીના ટેન્કરની ઉપલબ્ધતાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વિસ્તારના જાહેર શૌચાલયોને પણ સંપૂર્ણ રીતે સાફ કરવામાં આવ્યા હતા.

આ અભિયાનનું એક નોંધપાત્ર પાસું તેનું જમીની અમલીકરણ હતું. કાસમ શેખે મ્યુનિસિપલ કામદારોની વ્યક્તિગત રીતે દેખરેખ રાખીને મહત્વની ભૂમિકા ભજવી હતી. સમગ્ર કામગીરી દરમિયાન સ્થળ પર હાજર રહીને તેમણે સુનિશ્ચિત કર્યું કે કાઉન્સિલરના પત્રમાં ઉલ્લેખિત દરેક કાર્ય ઉચ્ચ ધોરણે પૂર્ણ થાય. સ્ટ્રીટ લાઈટો ચાલુ કરાવવાથી લઈને પાણીના ટેન્કરોની વ્યવસ્થા સુધી, ટીમે કોઈ કસર છોડી ન હતી. રહીશોએ જાહેર સ્વચ્છતા જાળવવા અને તહેવાર શરૂ થાય તે પહેલા પાયાની સુવિધાઓ સજ્જ કરવા બદલ ઈકબાલ શેખ અને તેમની ટીમનો આભાર માન્યો હતો. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



**ભરૂચના ગોલ્ડનબ્રિજ પર સેલ્ફીનો ક્રેઝ જીવલેણ સાબિત થયો છે. નર્મદા કિનારે ફોટા પાડતી વખતે પગ લપસતા બહેનને બચાવવા જતા ભાઈ નયન વસાવા નદીમાં લાપતા થયો છે. પ્રતિબંધિત વિસ્તારોમાં તંત્રની નબળી સુરક્ષા વ્યવસ્થા ફરી એકવાર ઉઘાડી પડી છે. રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

# કેશોદ: શૈલેષભાઈ સગપરિયાએ આપ્યું પરીક્ષાનું માર્ગદર્શન

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે કેશોદ એકેડેમિક એસોસિએશન અને આલ્ફા સાયન્સ સ્કૂલ દ્વારા "પરીક્ષાનું પંચામૃત માર્ગદર્શન" વિષયક સેમિનારનું સફળ આયોજન થયું હતું. મુખ્ય વક્તા શૈલેષભાઈ સગપરિયાએ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં તણાવમુક્ત રહીને કેવી રીતે ઉત્કૃષ્ટ પરિણામ મેળવવું તેની વ્યૂહરચના સમજાવી હતી. તેમણે સમય વ્યવસ્થાપન અને આત્મવિશ્વાસના મહત્વ પર ભાર મૂક્યો હતો. એસોસિએશનના મંત્રી કલ્પેશ વડુકરે મહેમાનોનું સ્વાગત કર્યું હતું, જ્યારે સ્થાપક પ્રમુખ હિતેશભાઈ વડારિયાએ એસોસિએશનનો પરિચય આપતા વાલીઓને એક મહત્વની સલાહ આપી હતી કે બાળકોને ક્લાસિસમાં મોકલતી વખતે તે એસોસિએશન સાથે જોડાયેલા છે કે નહીં તેની ખાતરી કરવી જોઈએ. આલ્ફા સાયન્સ સ્કૂલ, જૂનાગઢ દ્વારા તમામ સભ્યોને સન્માનિત કરાયા હતા. મોટી સંખ્યામાં હાજર રહેલા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ આ માર્ગદર્શનનો લાભ લીધો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવામાં એસોસિએશનના તમામ સભ્યોએ જહેમત ઉઠાવી હતી. **રિપોર્ટ : હર્ષ ભરડા**

**કેશોદમાં રવિવારે કેશોદ એકેડેમિક એસોસિએશન અને આલ્ફા સાયન્સ સ્કૂલ દ્વારા "પરીક્ષાનું પંચામૃત" સેમિનાર યોજાયો હતો. વક્તા શૈલેષભાઈ સગપરિયાએ બોર્ડના વિદ્યાર્થીઓને સમય વ્યવસ્થાપન અને આત્મવિશ્વાસ વધારવા અંગે સચોટ માર્ગદર્શન આપી પરીક્ષાનો ડર દૂર કરવા પ્રોત્સાહિત કર્યા હતા.**

# અમદાવાદ: આફ્યત ફાઉન્ડેશન દ્વારા થેલેસેમિયા પીડિતો માટે રક્તદાન કેમ્પ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના જુહાપુરામાં એમ્પાયર પાર્ટી પ્લોટ ખાતે આફ્યત ફાઉન્ડેશન દ્વારા આયોજિત રક્તદાન શિબિર સામાજિક એકતા અને સેવાના પ્રતીક સમાન બની રહી હતી. થેલેસેમિયાથી પીડાતા બાળકોને નિયમિત લોહી મળી રહે તેવા ઉમદા હેતુથી યોજાયેલા આ કેમ્પમાં ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીએ ટેકનિકલ સહયોગ પૂરો પાડ્યો હતો. આ કેમ્પમાં જુહાપુરાના ખૂણેખૂણેથી યુવાનો ઉમટી પડ્યા હતા અને રક્તદાન કરીને સામાજિક જવાબદારી અદા કરી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષી નેતા શ્રી શહેઝાદ ખાન પઠાણે જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમો સમાજમાં જાગૃતિ લાવવા માટે અનિવાર્ય છે. તેમની સાથે સેન્ટ્રલ ઈદે મિલાદુન્નબી કમિટીના ચેરમેન તસ્લીમ આલમજી અને સીનિયર કાઉન્સિલર ઇકબાલ શેખે પણ હાજરી આપી રક્તદાતાઓને પ્રોત્સાહન આપ્યું હતું. આફ્યત ફાઉન્ડેશનની ટીમ દ્વારા દરેક રક્તદાતાને સન્માનપત્ર અને વિશેષ ભેટ આપીને આભાર માનવામાં આવ્યો હતો. આયોજક ટીમમાં યાસીર સિદ્દીકી, કમલ અલવી, નોમાન સૈયદ અને અમીરભાઈ અલવી સહિતના સભ્યોએ ખડેપગે રહી વ્યવસ્થા સંભાળી હતી. જુહાપુરાના કાઉન્સિલરોએ પણ આ પહેલને બિરદાવી હતી. આફ્યત ફાઉન્ડેશને આ પ્રસંગે ખાતરી આપી હતી કે તેઓ ભવિષ્યમાં પણ આરોગ્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સમાજ સેવાના કાર્યો ગતિશીલ રાખશે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



**ભરૂચમાં નશાબંધીના કાયદાના ધજાગરા ઉડી રહ્યા છે. અંકલેશ્વરના નવા છાપરા ગામે રહેણાંક મકાનમાંથી લાખોનો વિદેશી દારૂ ઝડપાતા ખળભળાટ મચી ગયો છે. કડક સુરક્ષાના દાવાઓ વચ્ચે બુટલેગરો ઘર બેઠા દારૂનું વેચાણ કરી રહ્યા છે, જે પોલીસની કામગીરી પર સવાલ ઉભા કરે છે. રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

# જૂનાગઢ: લાંચિયા TDO તુષાર રાદડીયા પર ACBની ત્રાટક


**દૈનિક પલ્સ સમાચાર:** "સૌનો સાથ, સૌનો વિકાસ" ના સૂત્રો વચ્ચે મેંદરડાના TDO એ "મારો સાથ, મારો વિકાસ" ની નીતિ અપનાવી હોય તેમ લાગે છે. જૂનાગઢ એસીબીએ ગઈકાલે મેંદરડા તાલુકા પંચાયતના TDO તુષાર વિઠ્ઠલભાઈ રાદડીયાને રૂ. ૮૦,૦૦૦ ની લાંચ લેતા ઝડપી પાડી ભ્રષ્ટ અધિકારીઓના હોશ ઉડાવી દીધા છે. આ સમગ્ર પ્રકરણની વિગત એવી છે કે ફરિયાદીના ગામમાં ATVT ના કામો મંજૂર થયા હતા. આ કામોના વર્ક ઓર્ડર કાઢી આપવા અને અગાઉના કામોની પતાવટ માટે TDO એ કુલ રૂ. ૧,૬૫,૦૦૦ ની માગણી કરી હતી. લાંચિયા અધિકારીએ ઉદ્ધતાઈપૂર્વક જણાવ્યું હતું કે અડધા પૈસા આજે જ પહોંચાડી દેવા. ફરિયાદીએ હિંમત દાખવી એસીબીમાં રજૂઆત કરી હતી. સુપરવિઝન અધિકારી એમ.પી. સોલંકી અને નાયબ નિયામક બલદેવસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ એસીબીની ટીમે ટ્રેપનું આયોજન કર્યું. મેંદરડા કચેરીમાં જ પંચોની હાજરીમાં TDO એ લાંચની રકમ સ્વીકારતા જ એસીબીએ ત્રાટકીને રકમ રિકવર કરી આરોપીને કસ્ટડીમાં લીધો છે. સરકારી ખુરશી પર બેસીને પ્રજાને લૂંટતા આવા અધિકારીઓ સામેની આ કાર્યવાહીથી ભ્રષ્ટાચારીઓમાં ફફડાટ ફેલાયો છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



# તખતપુરા: ૨૦ ફૂટનું ગાબડું, ખેતરો બેટમાં ફેરવાયા

**દૈનિક પલ્સ સમાચાર:** વાવ-થરાદ જિલ્લાના ધરણીધર તાલુકાના તખતપુરા ગામે તંત્રની ઘોર બેદરકારીએ ખેડૂતોના મોઢા સુધી આવેલો કોળિયો છીનવી લીધો છે. ગામની માઇનોર કેનાલમાં અચાનક ૨૦ ફૂટથી વધુ મોટું ગાબડું પડતા પરિસ્થિતિ કાબૂ બહાર ગઈ છે. લાખો લીટર શુદ્ધ પાણી ખેતરોમાં વહી જવાથી પાણીનો તો બગાડ થયો જ છે, પરંતુ ખેડૂતોની મહેનત પણ પાણીમાં બેસી ગઈ છે.

કેનાલ તૂટવાના કારણે આસપાસના ખેતરો જળબંબોળ થઈ ગયા છે. ખેડૂતોએ રાત-દિવસ મહેનત કરીને ઉછેરેલા એરંડાના પાક પર પાણી ફરી વળતા હવે પાક સંપૂર્ણ નાશ પામવાની ભીતિ છે. ખેડૂતોનો આક્ષેપ છે કે કેનાલની નબળી ગુણવત્તા અને સમારકામના અભાવે આ ગાબડું પડ્યું છે. એક તરફ ખેડૂતો સિંચાઈના પાણી માટે તલસે છે, ત્યારે બીજી તરફ તંત્રની આળસને કારણે લાખો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. શું જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવાશે કે પછી ખેડૂતોને તેમના નસીબ પર છોડી દેવાશે? **રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**



**વાવ-થરાદના તખતપુરા ગામે માઇનોર કેનાલમાં ૨૦ ફૂટનું ગાબડું પડતા ખેડૂતો પાયમાલ થયા છે. લાખો લીટર પાણી ખેતરોમાં ફરી વળતા તૈયાર એરંડાનો પાક નાશ પામ્યો છે, જે તંત્રની ઘોર બેદરકારી સૂચવે છે.**

# આંજણા પટેલ સમાજ: એક સમાજ, એક રિવાજ

**દૈનિક પલ્સ સમાચાર:** ધરણીધર તાલુકાના આંજણા પટેલ સમાજ દ્વારા સામાજિક પરિવર્તનના શ્રીગણેશ કરવામાં આવ્યા છે. મીઠાવીરાણા ગામના પવિત્ર રામજી મંદિરના પ્રાંગણમાં વાવેશી 22 ગોળ પરગણાના આગેવાનો, વડીલો અને યુવાનોની એક વિશેષ બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં પ્રવર્તતા બિનજરૂરી કુરિવાજો અને ખર્ચાળ પ્રથાઓને દૂર કરી એક મજબૂત સામાજિક બંધારણ અમલી બનાવવાનો હતો. ચર્ચા દરમિયાન વક્તાઓએ જણાવ્યું હતું કે સમય બદલાયો છે, ત્યારે સમાજે પણ વ્યસન અને ફેશનના નામે થતા ખોટા ખર્ચાઓ અટકાવવા પડશે. બેઠકમાં 'પાંચ પટ્ટી' એકતા અને 'એક સમાજ, એક રિવાજ' ના અભિગમને તમામ સ્તરેથી વ્યાપક સમર્થન પ્રાપ્ત થયું હતું. યુવા પેઢીએ પણ વડીલો સાથે ખભેખભા મિલાવીને સમાજ હિતના આ નિર્ણયોમાં સહકાર આપવાની ખાતરી આપી હતી. બેઠકના અંતે સૌએ નક્કી કરેલા સામાજિક નિયમોનું ચુસ્ત પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી, જેથી આવનારી પેઢીને આર્થિક અને સામાજિક રીતે સક્ષમ બનાવી શકાય. **રિપોર્ટ વશાભાઈ વાલડીયા**



# એક્સેલન્ટ યુવક મંડળ ભાવનગર દ્વારા વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપ તાલીમ

**દૈનિક પલ્સ સમાચાર:** શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિ લાવવાના હેતુથી અમલી બનેલી નવી શિક્ષણ નીતિ (NEP) માં ઇન્ટર્નશિપને વિશેષ મહત્વ અપાયું છે, પરંતુ ગુજરાતમાં હજુ પણ ઘણી સંસ્થાઓ આ માટે સજ્જ નથી. આવા સમયે ભાવનગરની પ્રતિષ્ઠિત સંસ્થા 'એક્સેલન્ટ યુવક મંડળ' યુવાનોની વ્હારે આવી છે. ૧૯૯૪ થી કાર્યરત આ સંસ્થા માત્ર કાગળ પર નહીં પણ જમીની સ્તર પર કામ કરવા માટે જાણીતી છે, જેને રાજ્ય અને જિલ્લા કક્ષાએ અનેક એવોર્ડ્સ પ્રાપ્ત થયા છે. ભારત સરકારના નેહરુ યુવા કેન્દ્ર (NYK) ની વેબસાઈટ પર પણ આ સંસ્થાની માન્યતાની વિગતો ઉપલબ્ધ છે. ભારત સરકાર દ્વારા ફાળવવામાં આવેલી તમામ આધુનિક સગવડતાઓ અને કોમ્પ્યુટર સેન્ટર સાથે, એક્સેલન્ટ યુવક મંડળ હવે 'રૂરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી યુથ ડેવલપમેન્ટ સેન્ટર' (RIDYD) તરીકે વિદ્યાર્થીઓને તાલીમ આપવા સજ્જ છે. સંસ્થાના પ્રમુખ સુખદેવસિંહ ગોહિલના નેતૃત્વમાં, યુવાનોને માત્ર સર્ટિફિકેટ જ નહીં પણ વાસ્તવિક કાર્યક્ષેત્રનો અનુભવ મળે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. કોલેજમાં અભ્યાસ કરતા અને ઇન્ટર્નશિપ માટે મંજૂરી મેળવનારા વિદ્યાર્થીઓ પોતાની કોલેજના પત્ર સાથે સંસ્થાની મુલાકાત લઈ શકે છે. ભાવનગરના ઘોઘા રોડ પર આવેલા રામેશ્વર કોમ્પ્લેક્સ ખાતે આ તાલીમ કેન્દ્ર કાર્યરત છે. અહીં વિદ્યાર્થીઓને ગ્રામીણ વિકાસ, ટેકનોલોજી અને સામાજિક જવાબદારીઓ અંગે માહિતગાર કરવામાં આવશે. તાલીમ પૂર્ણ કરનાર દરેકને ભારત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે, જે તેમની કારકિર્દીમાં માઈલસ્ટોન સાબિત થશે. સંસ્થાનો ઉદ્દેશ્ય છે કે કોઈ પણ પ્રતિભાશાળી યુવાન યોગ્ય માર્ગદર્શન અને તાલીમ વગર પાછળ ન રહી જાય. જે વિદ્યાર્થીઓ ખરેખર કંઈક શીખવા માંગે છે તેમના માટે એક્સેલન્ટ યુવક મંડળના દ્વાર ખુલ્લા છે. સમયસર સંપર્ક કરી આ સરકારી માન્યતા પ્રાપ્ત તાલીમનો લાભ લેવા ભાવનગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના યુવાનોને અનુરોધ કરવામાં આવ્યો

**ભાવનગરના એક્સેલન્ટ યુવક મંડળ દ્વારા નવી શિક્ષણ નીતિ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે ઇન્ટર્નશિપ તાલીમની જાહેરાત કરાઈ છે. ભારત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત આ સેન્ટરમાં તાલીમ પૂર્ણ કરનારને અધિકૃત પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે, જે યુવાનો માટે રોજગારીની તક ખોલશે.**

# બી.જી. શાસ્ત્રી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલી પોલીસ સ્ટેશનમાં આજે વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં એક પ્રેરણાદાયી શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા સુરક્ષા સેતુ સોસાયટીના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રી બી.જી. શાસ્ત્રી હાઇસ્કૂલના ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીને પોલીસિંગ અને કાયદો-વ્યવસ્થાની જટિલ પ્રક્રિયાઓને સરળ રીતે સમજાવવાનો હતો.

મુલાકાત દરમિયાન, વડાલી પોલીસ સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા અને પોલીસ સ્ટેશનના વિવિધ વિભાગોની સફર કરાવવામાં આવી હતી. જેમાં પીએસઓ (PSO) ની કામગીરી, એફઆઈઆર કેવી રીતે નોંધાય છે, લોકઅપની વ્યવસ્થા અને ક્રાઈમ રેકોર્ડની જાળવણી કેવી રીતે થાય છે તે વિશે પ્રત્યક્ષ સમજૂતી આપી હતી. આજના ડિજિટલ યુગમાં સાયબર ક્રાઈમ અને ઓનલાઇન છેતરપિંડીના વધતા કિસ્સાઓ વચ્ચે વિદ્યાર્થીઓને 'સાયબર સેફ્ટી' અંગેના મહત્વના પાઠ ભણાવવામાં આવ્યા હતા. સાથે જ રસ્તા પરની સલામતી માટે ટ્રાફિકના નિયમોનું પાલન કરવાનું આહવાન કરાયું હતું. મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે પોલીસ દ્વારા ચલાવવામાં આવતી વિશેષ સેવાઓ જેવી કે 'She Team' અને ૧૧૨ હેલ્પલાઇન નંબરની ઉપયોગીતા વિશે વિગતવાર માહિતી અપાઈ હતી. કાર્યક્રમનું સૌથી રોમાંચક પાસું શસ્ત્ર પ્રદર્શન રહ્યું હતું. જેમાં પોલીસ જવાનોએ હથિયારોની ઓળખ આપી તેની ઉપયોગિતા વિશે સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક પોલીસ અધિકારીઓને પ્રશ્નો પૂછ્યા હતા, જેનું સંતોષકારક નિરાકરણ કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત બાદ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ વડાલી પોલીસનો આભાર માન્યો હતો. આ પ્રકારની પ્રવૃત્તિઓથી પોલીસ અને સમાજ વચ્ચેનું અંતર ઘટે છે





અને બાળકોમાં નાની ઉંમરથી જ કાયદા પ્રત્યે સન્માન અને પોલીસ પ્રત્યે મિત્રતાની ભાવના કેળવાય છે. સુરક્ષા સેતુ સોસાયટીનો આ પ્રયાસ સામાજિક સુરક્ષાની દિશામાં એક મજબૂત કડી સાબિત થઈ રહ્યો છે. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**

# ગુજરાતમાં ઠંડી ગાયબ: રાજકોટ સહિત રાજ્યભરમાં તાપમાનનો પારો ઉચકાયો

## ગુજરાત હવામાન: વાદળછાયું વાતાવરણ અને ઠંડીમાં મોટી રાહત

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં શિયાળાની પ્રચંડ ઠંડી બાદ હવે વાતાવરણમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં આજે સતત ત્રીજા દિવસે આકાશ વાદળછાયું રહ્યું હતું, જેના પરિણામે લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે અને ઠંડીનું પ્રમાણ લગભગ નહિવત થઈ ગયું છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં પારો ૧૫ ડિગ્રીથી ઉપર સરકી ગયો છે, જેનાથી જનજીવનને હાડ ધ્રુજાવતી ઠંડીમાંથી મુક્તિ મળી છે. રાજકોટ શહેરમાં આજે સવારે ૧૭ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે હવામાં ૬૬ ટકા ભેજ નોંધાયો હતો. ખાસ કરીને જામનગરમાં છેલ્લા ચાર દિવસથી તાપમાનનો પારો ક્રમશઃ ઉચકાઈ રહ્યો છે. અહીં પારો ૧૬ ડિગ્રી પર સ્થિર થયો છે, જે અગાઉના સપ્તાહની સરખામણીએ ઘણો વધારે છે. મહત્તમ તાપમાન પણ ૨૮.૫ ડિગ્રી સુધી પહોંચતા બપોરના સમયે ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. પવનની ગતિ ઘટીને ૪ કિમી પ્રતિ કલાક થઈ ગઈ છે, જેનાથી બર્ફીલા પવનો શાંત પડ્યા છે. ભાવનગરની સ્થિતિ જોઈએ તો ત્યાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીએ પહોંચતા શિયાળો જાણે ગાયબ થઈ ગયો હોય તેવો અહેસાસ થાય છે. વાતાવરણમાં ૬૯ ટકા ભેજ અને ૧૨ કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો. કચ્છના નલિયામાં હજુ પણ ૧૨.૫ ડિગ્રી સાથે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે, પરંતુ ત્યાં પણ અગાઉની સરખામણીએ તાપમાન વધ્યું છે. રાજ્યના અન્ય શહેરો જેવા કે અમદાવાદ, વડોદરા, સુરત અને ગાંધીનગરમાં પણ લઘુતમ તાપમાન ૧૯ થી ૨૦ ડિગ્રીની વચ્ચે નોંધાયું છે.

હવામાનમાં આવેલા આ પલટાને કારણે ખેતીના પાક પર પણ અસર થવાની સંભાવના છે. વાદળછાયા વાતાવરણને કારણે જીવાતનો ઉપદ્રવ વધવાની ચિંતા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. એક તરફ ઠંડી ઘટતા સામાન્ય જનતાને રાહત છે, તો બીજી તરફ આ મિશ્ર વાતાવરણ સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે. આગામી દિવસોમાં જો વાદળો હટશે તો ફરી ઠંડીનો એક રાઉન્ડ આવી શકે છે અથવા ઉનાળાની શરૂઆત વહેલી થઈ શકે છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

**રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં સતત ત્રીજા દિવસે વાદળછાયું વાતાવરણ રહેતા ઠંડીમાં મોટો ઘટાડો નોંધાયો છે. મોટાભાગના શહેરોમાં પારો ઉચકાતા હાડ ધ્રુજાવતી ઠંડીથી લોકોને રાહત મળી છે. રાજકોટમાં ૧૭ ડિગ્રી અને ભાવનગરમાં તાપમાન ૨૦ ડિગ્રીએ પહોંચ્યું છે.**

# રાજકોટ: GJ-03-QA સીરીઝના ગોલ્ડન નંબરનું ઓક્શન શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (RTO) દ્વારા તમામ મોટરસાયકલ માલિકો માટે મહત્વની સૂચના જારી કરવામાં આવી છે. કચેરી દ્વારા મોટરસાયકલ માટેની નવી GJ-03-QA સીરીઝના પસંદગીના નંબરો માટે ઈ-ઓક્શનની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આ ઓક્શનમાં વર્તમાન સીરીઝ ઉપરાંત અગાઉની જૂની સીરીઝમાં બાકી રહેલા ગોલ્ડન અને સિલ્વર નંબરો માટે પણ બિડિંગ કરી શકાશે. નિયમોનુસાર, જે વાહન માલિકો પોતાના વાહન માટે ખાસ નંબર મેળવવા ઈચ્છતા હોય તેમણે ૩ ફેબ્રુઆરીના રોજ સાંજે ૪:૦૦ કલાકથી ૭ ફેબ્રુઆરી સુધી ઓનલાઇન એપ્લિકેશન કરવાની રહેશે. આ પ્રક્રિયા બાદ ૭ ફેબ્રુઆરી સાંજે ૪:૦૧ થી ૯ ફેબ્રુઆરી સુધી બિડિંગ પ્રક્રિયા ચાલશે. સમગ્ર પ્રક્રિયાના અંતે ૯ ફેબ્રુઆરીના રોજ સાંજે ૪:૧૫ કલાકે ઓનલાઇન પરિણામ જાહેર કરવામાં આવશે, જેમાં સૌથી વધુ બોલી લગાવનારને નંબર ફાળવવામાં આવશે.

RTO તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે વાહન ખરીદ્યાના ૭ દિવસમાં જ CNA ફોર્મ ઓનલાઇન ભરી દેવું ફરજિયાત છે. જો વાહન માલિક નિયત સમય મર્યાદામાં અરજી નહીં કરે તો તેમની અરજી રદબાતલ ગણવામાં આવશે. ઈ-ઓક્શનમાં ભાગ લેવા માટે અરજદારે પરિવહનની સત્તાવાર વેબસાઇટ પર જઈને રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# રાજકોટ: કેકેવી હોલ પાસે બેફામ સ્વીફ્ટ કાર રેલિંગમાં ઘુસી, મોટી જાનહાનિ ટળી

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં રાત્રિના સમયે 'ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ' સ્ટાઈલમાં વાહન ચલાવનારા તત્વોનો ત્રાસ વધી રહ્યો છે. શહેરના હૃદય સમાન કાલાવડ રોડ પર કેકેવી હોલ પાસે ગત રાત્રે એક સ્વીફ્ટ કારના ચાલકે સર્જેલા અકસ્માતે ફરી એકવાર માર્ગ સલામતીના ધજાગરા ઉડાવ્યા છે. પૂરપાટ ઝડપે આવતી કારના ચાલકે કાબૂ ગુમાવતા કાર રોડની સુરક્ષા રેલિંગ તોડીને અંદર ઘુસી ગઈ હતી. આ અકસ્માત એટલો જોરદાર હતો કે તેનો અવાજ દૂર-દૂર સુધી સંભળાયો હતો, જેના કારણે આસપાસના લોકોમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કારની હાલત જોતા અંદાજ લગાવી શકાય છે કે ચાલક કેટલી જોખમી ગતિએ વાહન હંકારી રહ્યો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસની પીસીઆર વાન અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ચાલકની લાપરવાહી સ્પષ્ટપણે જણાઈ રહી છે. સદનસીબે અકસ્માત સમયે રોડ પર લોકોની અવરજવર ઓછી હતી, પરિણામે કોઈ જાનહાનિ થઈ નથી. જો આ અકસ્માત દિવસના સમયે થયો હોત તો અનેક નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકાઈ શકત.

પોલીસે હાલ તો અકસ્માતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે અને કારને ક્રેન દ્વારા ખસેડવામાં આવી છે. પરંતુ સવાલ એ છે કે શું માત્ર રાત્રિ પેટ્રોલિંગથી આવા નબીરાઓ કાબૂમાં આવશે? જાહેર રસ્તાઓ પર રેસિંગ કરતા અને જીવના જોખમે વાહન ચલાવતા આવા તત્વો સામે દાખલારૂપ કાર્યવાહી થવી જરૂરી છે. દૈનિક પલ્સના અહેવાલ મુજબ, શહેરમાં વધતા જતા માર્ગ અકસ્માતો માટે જવાબદાર આવા તત્વો સામે તંત્રએ હવે લાલ આંખ કરવી જ પડશે.

**રાજકોટના કાલાવડ રોડ પર કેકેવી હોલ પાસે મોડી રાત્રે બેફામ ગતિએ આવતી સ્વીફ્ટ કાર રેલિંગ સાથે ધડાકાભેર અથડાઈ હતી. ચાલકે કાબૂ ગુમાવતા સર્જાયેલા આ અકસ્માતમાં કારનો કુરચો બોલી ગયો હતો, જોકે સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

# રાજકોટ સોની બજારમાં મંદી, હવે કૂતરા કરે છે રખોપા!

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટનું સોની બજાર, જે ક્યારેક ગ્રાહકોથી ધમધમતું હતું, તે આજે સોનાના આસમાને પહોંચેલા ભાવને કારણે ખાલીખમ ભાસી રહ્યું છે. મોંઘવારી અને સોનાની વધઘટ વચ્ચે ગ્રાહકોએ શુકન પૂરતી ખરીદી પણ ટાળી દીધી છે, જેની માઠી અસર નાના વેપારીઓથી લઈને મોટા શો-રૂમ માલિકો પર પડી રહી છે.

આ મંદીના માહોલમાં એક હાસ્યાસ્પદ અને તેટલી જ ગંભીર ઘટના સોની બજારના એક કોમ્પ્લેક્સમાં જોવા મળી. જ્યાં સુરક્ષા વ્યવસ્થા હોવી જોઈએ, ત્યાં સિક્યુરિટી ગાર્ડની ખુરશીમાં એક કૂતરું આરામ ફરમાવી રહ્યું હતું. આ ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થતા લોકો કહી રહ્યા છે કે સોની બજારને હવે કૂતરાના રખોપા છે! વેપારીઓ નવરા બેસીને ટીવી જોઈ રહ્યા છે અથવા દુકાનો વધારીને ઘરે જઈ રહ્યા છે. ગ્રાહકોના અભાવે સિક્યુરિટી એજન્સીઓ અને સ્ટાફ પણ ઢીલા પડ્યા હોય તેવું જણાય છે. આ તસવીર એ વાતની સાક્ષી પૂરે છે કે બજારમાં ખરીદીના નામે શૂન્યતા છે. જો આ જ સ્થિતિ રહી તો સોની બજારના સુવર્ણ દિવસો ફરી ક્યારે આવશે તે એક મોટો પ્રશ્ન છે. અત્યારે તો માત્ર શ્વાન જ સોની બજારના સૂના રસ્તાઓ પર રાજ કરી રહ્યા છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**







# રાજકોટ: કલેક્ટર કચેરી અને કોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી મળતા ફફડાટ

**દૈનિક પલ્સ સમાચાર**: રાજકોટમાં આજે વહીવટી અને ન્યાયિક તંત્રના મુખ્ય કેન્દ્રોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આજે સવારે જ્યારે જિલ્લા કલેક્ટર કચેરી અને ઘંટેશ્વર વિસ્તારમાં આવેલી નવી સેશન્સ કોર્ટની કામગીરી શરૂ થઈ રહી હતી, ત્યારે જ સત્તાવાર ઇમેઇલ એકાઉન્ટ પર એક ધમકીભર્યો સંદેશો પ્રાપ્ત થયો હતો. આ સંદેશાએ સરકારી કર્મચારીઓ અને મુલાકાતીઓમાં ગભરાટ ફેલાવી દીધો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, આ ધમકીભર્યો ઇમેઇલ 'ટીટીવી દીનાકરણ' નામના આઈડી પરથી મોકલવામાં આવ્યો હતો અને તેનું લોકેશન તામિલનાડુ હોવાનું અનુમાન છે. મેઇલમાં ચેતવણી આપવામાં આવી હતી કે બપોરે બે વાગ્યે બંને સ્થળોએ બોમ્બ ધડાકા થશે, તેથી જાનહાનિ ટાળવા માટે લોકોએ ઇમારત ખાલી કરી દેવી. આ સમાચાર વાયુવેગે ફેલાતા કલેક્ટર કચેરીમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશે તાબડતોબ પોલીસ કમિશનરનો સંપર્ક સાધી સુરક્ષાની માંગ કરી હતી. પોલીસ કમિશનરની સૂચનાથી તુરંત જ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ (BDDS), ડોગ સ્કવોર્ડ, SOG અને સ્થાનિક પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસ ટીમોએ કલેક્ટર કચેરીના તમામ ફ્લોર, પાર્કિંગ એરિયા, કેન્ટીન અને ઘંટેશ્વરની નવી સેશન્સ કોર્ટના ખૂણેખૂણામાં મેટલ ડિટેક્ટર વડે તલસ્પર્શી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન શંકાસ્પદ દેખાતી દરેક વસ્તુ અને બેગનું ચેકિંગ કરવામાં આવ્યું હતું.

આ સઘન તપાસ પ્રક્રિયા લગભગ બે થી ત્રણ કલાક સુધી ચાલી હતી. અંતે, કોઈ પણ પ્રકારની સ્ફોટક સામગ્રી કે વાંધાજનક વસ્તુ મળી ન આવતા તંત્રએ હાસકારો અનુભવ્યો હતો. કલેક્ટર ડો. ઓમપ્રકાશે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, "અમને ધમકીભર્યો મેઇલ મળતા જ અમે પ્રોટોકોલ મુજબ પોલીસને જાણ કરી હતી. પોલીસની તપાસમાં કશું મળ્યું નથી, તેથી ગભરાવાની જરૂર નથી." જોકે, આ પ્રકારના અવારનવાર મળતા ધમકીભર્યા મેઇલ પાછળ કોનું મગજ છે અને તેનો હેતુ શું છે, તે જાણવા સાયબર ક્રાઈમની ટીમ તપાસ કરી રહી છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

**રાજકોટ કલેક્ટર કચેરી અને નવી સેશન્સ કોર્ટને ઇમેઇલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો છે. પોલીસ, બોમ્બ અને ડોગ સ્કવોર્ડની સઘન તપાસ બાદ કશું વાંધાજનક ન મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.**

# તંત્રી લેખ: બજેટ 2026: આંકડાની માયાજાળમાં અટવાયેલો 'આમ આદમી'

**વર્ષ 2026નું કેન્દ્રિય બજેટ** રજૂ થઈ ચૂક્યું છે, પરંતુ આ બજેટ કોના માટે છે? શું આ બજેટ મધ્યમ વર્ગના ખિસ્સાને રાહત આપનારું છે કે પછી કોર્પોરેટ જગતની તિજોરીઓ ભરનારું? બજેટના દસ્તાવેજો પર નજર નાખતા જણાય છે કે સરકાર 'વિકસિત ભારત'ના સપનાઓ વેચી રહી છે, પરંતુ વાસ્તવિકતાના ધરાતલ પર સામાન્ય નાગરિક આજે પણ મોંઘવારી અને બેરોજગારીના ચક્રવ્યૂહમાં ફસાયેલો છે.

**વડીલો અને મધ્યમ વર્ગની ઉપેક્ષા** આ બજેટમાં સૌથી વધુ નિરાશા વડીલ નાગરિકોને સાંપડી છે. કોરોનાકાળમાં 'કામચલાઉ' ધોરણે બંધ કરાયેલું રેલવે કન્સેશન (ભાડામાં રાહત) 2026માં પણ પુનઃસ્થાપિત ન કરીને સરકારે સાબિત કરી દીધું છે કે તેની પ્રાથમિકતામાં વડીલોનું સન્માન નથી. વધતી જતી મોંઘવારી વચ્ચે સિનિયર સિટિઝન્સ માટે મુસાફરી કરવી હવે લક્ઝરી બની ગઈ છે. જ્યારે બીજી તરફ, વેસ્ટર્ન રેલવે સહિત દેશભરમાં અનેક જનરલ અને પેસેન્જર ટ્રેનો હજુ પણ બંધ છે, જે મધ્યમ વર્ગની જીવાદોરી સમાન હતી. આ ટ્રેનો શરૂ કરવા અંગેનું મૌન સામાન્ય મુસાફરો માટે જોરદાર ઝટકો છે.

**ખેડૂત અને ગ્રામીણ ભારતની હાલત** બજેટમાં કૃષિ ક્ષેત્રે ડ્રોન અને હાઈટેક ખેતીની વાતો ચોક્કસ કરાઈ છે, પણ પાયાના પ્રશ્નો જેવા કે ટેકાના ભાવ (MSP)ની કાનૂની ગેરંટી કે ખાતરના ભાવમાં વધારો ડામવા માટે કોઈ નક્કર રોડમેપ દેખાતો નથી. ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી પૂરી પાડતી મનરેગા જેવી યોજનાઓના બજેટમાં કાપ મૂકીને સરકાર કઈ રીતે ગ્રામીણ અર્થતંત્રને વેગ આપશે? તે એક મોટો સવાલ છે.

**ટેક્સની જટિલતા અને મોંઘવારી** કરદાતાઓને આશા હતી કે ઈન્કમ ટેક્સના સ્લેબમાં મોટો ફેરફાર કરીને ખરીદશક્તિ વધારવામાં આવશે, પરંતુ મધ્યમ વર્ગના હાથમાં 'લોલીપોપ' સિવાય કંઈ આવ્યું નથી. પેટ્રોલ-ડીઝલના ભાવ અને જીએસટીના ઉંચા દરોને કારણે ચીજવસ્તુઓના ભાવ આસમાને છે. બજેટમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવાના દાવાઓ તો છે, પણ શું તેનાથી પાયાના સ્તરે મોંઘવારી ઘટશે? ઉત્તર નકારાત્મક જણાય છે.

**નિષ્કર્ષ બજેટ 2026** એ આંકડાઓની એવી માયાજાળ છે જે ઉપરથી સુંદર દેખાય છે પણ અંદરથી પોકળ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજી પાછળના કરોડોના ખર્ચ વચ્ચે માનવ વિકાસ અને સામાજિક સુરક્ષા (Social Security) ક્યાંક ખોવાઈ ગઈ છે. જો સરકાર રેલવે કન્સેશન જેવી નાની લાગતી પણ કરોડો વડીલોને અસર કરતી બાબતોમાં પણ હકારાત્મક ન બની શકતી હોય, તો આ બજેટ 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના સૂત્ર સાથે સરેરામ અન્યાય કરે છે. ટૂંકમાં, આ બજેટ કોર્પોરેટ જગત માટે 'ઉત્સવ' અને સામાન્ય જનતા માટે 'ઉપેક્ષા' સમાન છે.

# વઘઈ: આત્મા પ્રોજેક્ટ હેઠળ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અને માર્કેટિંગની તાલીમ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના વ્યાપ વધારવાના ઉમદા હેતુથી વઘઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ૩૦ જાન્યુઆરીના રોજ એક વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આત્મા પ્રોજેક્ટ ડાંગ દ્વારા આયોજિત આ જિલ્લા અંતર્ગત તાલીમમાં વઘઈ તાલુકાના શિવારીમાળ અને દગડિયાઆંબા ગામના નોન મિશન ક્લસ્ટરના ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ અવસરે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિકો અને પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તાલીમના પ્રથમ સત્રમાં વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ પાસાઓ વિશે ગહન માહિતી આપવામાં આવી હતી. ખેતીમાં વપરાતા પ્રાકૃતિક ખાતરો અને કીટ નિયંત્રકો ઘરે કેવી રીતે બનાવી શકાય તેની પ્રેક્ટિકલ સમજૂતી આપવામાં આવી હતી. ખેડૂતોને જણાવવામાં આવ્યું હતું કે પ્રાકૃતિક ખેતી માત્ર જમીન સુધારણા માટે જ નહીં, પરંતુ માનવ સ્વાસ્થ્ય માટે પણ અનિવાર્ય છે. આ દરમિયાન ડી.પી.એમ. દ્વારા પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોનું યોગ્ય બ્રાન્ડિંગ અને માર્કેટિંગ કેવી રીતે કરવું, તે અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જેનાથી ખેડૂતોમાં આર્થિક સદ્ધરતા અંગેની સમજ વધી હતી.

કાર્યક્રમના અંતિમ ચરણમાં સહભાગી ખેડૂતોને પ્રત્યક્ષ અનુભવ મળી રહે તે માટે કૃષિ કેન્દ્રના મોડલ ફાર્મની મુલાકાત કરાવવામાં આવી હતી. ખેતરમાં જઈને ખેડૂતોએ મિશ્ર પાક પદ્ધતિ (Mixed Cropping) ના સફળ નમૂનાઓ જોયા હતા, જે એક જ જમીનમાંથી વધુ ઉત્પાદન લેવાની કળા છે. સાથે જ, મલચિંગ એટલે કે જમીનને ઢાંકીને રાખવાના ફાયદાઓ, જેમ કે પાણીનો બચાવ અને નિંદામણનો નાશ, તે વિશે જીવંત નિદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂતોએ વૈજ્ઞાનિકો સાથે સીધો સંવાદ કરી પોતાની સમસ્યાઓ રજૂ કરી હતી, જેનું સંતોષકારક સમાધાન કરવામાં આવ્યું હતું. આ તાલીમ ડાંગના ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીના નવા દ્વાર ખોલનારી સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. **રિપોર્ટ : સચિન પવાર**



**ડાંગ જિલ્લાના વઘઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ હતી. જેમાં વૈજ્ઞાનિકોએ શિવારીમાળ અને દગડિયાઆંબા ગામના ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના આયામો, મિશ્ર પાક અને મલચિંગ પદ્ધતિ વિશે પ્રાયોગિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.**

# ઉધના: નો-પાર્કિંગમાં કાર ટો કરતા ટ્રાફિક પોલીસ પર જીવલેણ હુમલો

## સુરત: ઉધનામાં ટ્રાફિક પોલીસ પર કાર ચાલકનો ખૂની હુમલો

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતનું ઉધના જાણે ગુનેગારો માટે મોકળું મેદાન બની ગયું હોય તેમ ફરજ પરના ટ્રાફિક પોલીસ કર્મચારી પર હુમલાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સિલિકોન શોપર્સ પાસે જ્યારે પોલીસ તંત્ર નો-પાર્કિંગમાં ઉભેલી કારો સામે કાર્યવાહી કરી રહ્યું હતું, ત્યારે સુનિલ મિસ્ત્રી નામના કાર ચાલકે પોલીસ પર હુમલો કરી દીધો હતો.

વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે ચાલક પોલીસ કર્મચારી સાથે અસંસ્કારી વર્તન કરી રહ્યો છે અને ત્યારબાદ તેને નિર્દયતાથી માર મારી રહ્યો છે. જાહેર રસ્તા પર પોલીસનું સન્માન જળવાતું નથી, તે સુરતની સુરક્ષા વ્યવસ્થા માટે ચિંતાનો વિષય છે. વાહન ટો થતું રોકવા માટે ડ્રાઈવરે કાયદાનું શાસન નેવે મૂકી દીધું હતું. આ ઘટનાનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પોલીસે મોડે-મોડે જાગીને આરોપી સુનિલ મિસ્ત્રી વિરુદ્ધ આકરો ગુનો દાખલ કર્યો છે. ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા નીકળેલી પોલીસ આજે પોતે જ હિંસાનો ભોગ બની રહી છે. ઉધના પોલીસે આ મામલે તપાસ તેજ કરી છે, પરંતુ સવાલ એ છે કે શું આવી ઘટનાઓ રોકવા માટે તંત્ર પાસે કોઈ ઠોસ રણનીતિ છે કે પછી પોલીસ માત્ર મેમો ફાડવા પૂરતી જ મર્યાદિત રહેશે?

**રિપોર્ટ : સરફરાઝ શેખ**



**સુરતના ઉધનામાં કાયદાનો ડર ઓગળી રહ્યો હોય તેમ નો-પાર્કિંગમાં પાર્ક કરેલી કાર ટો કરવા બાબતે ચાલક સુનિલ મિસ્ત્રીએ ટ્રાફિક પોલીસકર્મી પર જીવલેણ હુમલો કર્યો. આ સમગ્ર ઘટનાના લાઈવ ફૂટેજ વાયરલ થતા સુરત પોલીસની આબરૂના ધજાગરા ઉડ્યા છે.**

# ચોટીલાના સુરેઈમાં દારૂનો જથ્થો ઝડપાયો, ૩ સામે ગુનો

**દૈનિક પલ્સ સમાચાર:** સુરેન્દ્રનગર જિલ્લામાં દારૂબંધીના અમલ માટે પોલીસ હવે એક્શન મોડમાં આવી ગઈ છે. ચોટીલા પોલીસ સ્ટેશનની ટીમે પંથકમાં ચાલતી પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર પ્રહાર કરતા સુરેઈ ગામની સીમમાંથી વિદેશી દારૂનો જંગી જથ્થો પકડી પાડ્યો છે. પી.આઈ. જે.એન.સોલંકી સહિત આલાભાઈ રોજીયા અને સરદારસિંહ બારડની ટીમે બાતમીના આધારે ઓપરેશન પાર પાડ્યું હતું.

બુટલેગરોએ સુરેઈ ગામની સીમમાં સંતાડેલા જુદી જુદી બ્રાન્ડના ૫,૬૬૪ વિદેશી દારૂના ચપલા પોલીસે જપ્ત કર્યા છે. આ દરોડા દરમિયાન રાજકોટ રહેતો ભરત છેલ્લાભાઈ બામ્બા નામનો બુટલેગર પોલીસના શિકંજામાં આવી ગયો હતો. જોકે, દરોડાની ગંધ આવી જતાં અન્ય બે સાગરીતો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પકડાયેલ આરોપીની પૂછપરછમાં દારૂનો આ જથ્થો ક્યાંથી આવ્યો અને કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે. જિલ્લામાં છાશવારે પકડાતો દારૂ તંત્ર માટે પડકાર સમાન છે, ત્યારે ચોટીલા પોલીસની આ સચોટ બાતમી આધારિત કામગીરીથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસે ફરાર બે આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે અને વધુ તપાસ હાથ ધરી છે.

**રિપોર્ટ : વિક્રમસિંહ જાડેજા**



# સરસવણીથી જૂના રણુજા પગપાળા સંઘનો ૧૯મા વર્ષે મંગલ પ્રારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** ભક્તિ અને શ્રદ્ધાના સંગમ સમાન મહેમદાવાદના સરસવણી ગામમાં ૧૯મા વર્ષે રામદેવપીરના પગપાળા સંઘનું મંગલ પ્રસ્થાન થયું છે. ખેડા જિલ્લાના આ નાના એવા ગામમાં ભક્તોનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળ્યો હતો. ૧૯ વર્ષ પહેલાં શરૂ થયેલી આ પરંપરા આજે એક વિશાળ સંઘમાં ફેરવાઈ ગઈ છે.

આજે જ્યારે આ સંઘ જૂના રણુજા જવા રવાના થયો ત્યારે સમગ્ર ગામમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો. હાથમાં ધજાઓ લઈ અને બાબા રામદેવની ધૂન ગાતા શ્રદ્ધાળુઓ નાચતે-ગાજતે નીકળ્યા હતા. પદયાત્રામાં જોડાનાર ભક્તોએ જણાવ્યું હતું કે, બાબા પ્રત્યેની અતૂટ શ્રદ્ધા તેમને આટલા લાંબા અંતર સુધી ચાલવાની શક્તિ આપે છે. પદયાત્રીઓ માટે રસ્તામાં ચા-નાસ્તો અને વિશ્રામની સુંદર વ્યવસ્થા પણ ગ્રામજનો અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવી છે.

ઢોલના તાલે રાસ-ગરબા લેતા અને મજીરાના સૂર સાથે ભજન ગાતા ભક્તોનો આ નજારો અદભૂત હતો. સરસવણીના આ સંઘમાં માત્ર સ્થાનિક જ નહીં, પરંતુ આસપાસના ગામના લોકો પણ હોંશે-હોંશે જોડાયા હતા. આ પદયાત્રા ભક્તોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે તેવી પ્રાર્થના સાથે ભક્તોએ જૂના રણુજા તરફ કૂચ કરી હતી.

**રિપોર્ટ : ખાંટ મનુભાઈ**



**ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના સરસવણી ગામેથી બાબા રામદેવના ભક્તોનો ૧૯મો ભવ્ય પગપાળા સંઘ જૂના રણુજા જવા રવાના થયો હતો. નાચતે-ગાજતે અને બાબાની ધૂન સાથે ભક્તો મંગલ પ્રવેશ કરી શ્રદ્ધાપૂર્વક પદયાત્રામાં જોડાયા હતા.**




# ખેડા SOGની કાર્યવાહી: છ મહિનાથી ફરાર આરોપીની ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા-નડિયાદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે નાસતા ફરતા ગુનેગારોને પકડવાની કાર્યવાહી તેજ કરવામાં આવી છે. જે અંતર્ગત મહેમદાવાદ પોલીસ સ્ટેશનના જુગારના એક કેસમાં છેલ્લા છ મહિનાથી વોન્ટેડ આરોપી યુવરાજસિંહ ઉર્ફે કબીર ચૌહાણને પકડી પાડવામાં પોલીસને સફળતા મળી છે.

આરોપી યુવરાજસિંહ ચૌહાણ મહેમદાવાદ તાલુકાના વંસોલ ગામનો રહેવાસી છે અને ૨૦૨૫ના જુગારના ગુનામાં તેની સંડોવણી હતી. પોલીસ તેની શોધખોળ કરી રહી હતી પરંતુ તે પોલીસ પકડથી દૂર હતો. એસ.ઓ.જી.ની ટીમને મળેલી ગુપ્ત બાતમીના આધારે ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ મહેમદાવાદમાં સિદ્ધિવિનાયક મંદિરની સામે આવેલા ટ્રાન્સપોર્ટ નજીકથી તેને દબોચી લેવાયો હતો.

પોલીસ ઇન્સ્પેક્ટર ડી.એન. ચુડાસમાના નેતૃત્વમાં સબ ઇન્સ્પેક્ટર એસ.વી. ગોસ્વામી અને તેમની ટીમે આ સફળ ઓપરેશન હાથ ધર્યું હતું. આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૩૫(૧) હેઠળ પકડી લેવામાં આવ્યો છે. એસ.ઓ.જી. શાખાએ પ્રાથમિક કાર્યવાહી પૂર્ણ કરી આરોપીનો કબજો મહેમદાવાદ પોલીસને સોંપ્યો છે, જેથી આગળની તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાય. આ કામગીરીથી રીઢા ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. **રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



# બોરીઆવી: બેઝિક સ્કાઉટર્સ માટે દીક્ષા વિધિ સંપન્ન

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા આયોજિત એડવાન્સ તથા બેઝિક સ્કાઉટ માસ્ટર કોર્સ અંતર્ગત બોરીઆવી ટ્રેનિંગ સેન્ટર ખાતે ભવ્ય દીક્ષા વિધિ સમારોહ યોજાયો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે દાનવીર મહેન્દ્રભાઈ પટેલ (મેક દાદા) તેમજ વિશિષ્ટ અતિથિ તરીકે નગરપાલિકા પ્રમુખ શ્રીમતી રમીલાબેન ભોઈ, ઉપપ્રમુખ તેજસિંહ પરમાર અને કાઉન્સિલર અલ્પેશભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.


મહેમાનોનું સ્કાઉટ સ્કાર્ફ દ્વારા પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ લીડર ઓફ ધ કોર્સ કશ્યપભાઈ ઠક્કરે ૨૪ દીક્ષાર્થી સ્કાઉટર્સને દીક્ષા પ્રદાન કરી જીવનમાં સ્કાઉટના સિદ્ધાંતો ઉતારવા સંકલ્પ લેવડાવ્યા. રાજ્ય તાલીમ કમિશ્નર મનહરભાઈ ઠક્કરે વિશ્વભરમાં ચાલતી સ્કાઉટિંગ પ્રવૃત્તિઓ અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપી સૌને પ્રોત્સાહિત કર્યા. મહેમાનો દ્વારા દીક્ષાર્થીઓનું મોં મીઠું કરાવી સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારોહ સ્કાઉટર્સ માટે તેમના સેવાભાવી જીવનના નવા અધ્યાયની પ્રેરણાદાયી શરૂઆત બની રહેશે.



# બનાસકાંઠા ક્વોરી એસોસિયેશનની મિટિંગ: ખનીજના નવા ભાવ જાહેર

**દૈનિક પલ્સ સમાચાર:** દાંતા તાલુકાના જસવંતગઢ ભેમાળ ખાતે બનાસકાંઠા ક્વોરી એસોસિયેશનની એક ખાસ બેઠક પ્રમુખ શ્રી ઘેમરભાઈ પટેલની અધ્યક્ષતામાં સંપન્ન થઈ. આ મિટિંગમાં જિલ્લાભરના ક્વોરી વ્યવસાય સાથે સંકળાયેલા માલિકોએ ઉપસ્થિત રહીને ઉદ્યોગ સામેના પડકારો વિશે ચર્ચા કરી હતી. મુખ્યત્વે સરકાર દ્વારા ખાન ખનીજ ક્ષેત્રે જે સમયાંતરે નિયમોમાં ફેરફાર કરવામાં આવે છે, તેને ધ્યાનમાં રાખીને ભવિષ્યની રણનીતિ ઘડવામાં આવી હતી.

મિટિંગનો મુખ્ય એજન્ડા મટીરીયલના ભાવ નિર્ધારણનો હતો. લાંબી ચર્ચા બાદ એસોસિયેશન દ્વારા ગ્રીટ, કપચી, મેટલ, ડસ્ટ અને રેડમિક્સના પ્રતિ ટન ભાવ નક્કી કરવામાં આવ્યા છે. આ ભાવોમાં GSTનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મિટિંગમાં સર્વાનુમતે નક્કી થયા મુજબ, આ નવા સુધારા વધારા સાથેના ભાવ ૧ ફેબ્રુઆરી ૨૦૨૬થી સમગ્ર જિલ્લાની ક્વોરીઓ પર અમલી અને લાગુ કરવામાં આવશે. એસોસિયેશન દ્વારા સત્તાવાર ભાવ પત્રક પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. પ્રમુખ ઘેમરભાઈ પટેલે તમામ માલિકોને એકતા જાળવી નવા ભાવ અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરી હતી. આ બેઠકથી ક્વોરી સંચાલકોમાં પ્રવર્તતી અસમંજસ દૂર થઈ છે અને વ્યવસાયમાં નવી સ્પષ્ટતા આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. **રિપોર્ટ : વિષ્ણુ ઠાકોર**



BANASKANTHA QUARRY ASSOCIATIO

Ghemarbhai C. Patel (President)

At & Po. Jaswantgadh (Bhemal), Ta. Danta, Dist. Banaskantha

| | | |
|---|---|---|
| મટેરીયલના ૧-એક મે.ટનના ભાવ | | |
| વિગત | | ભાવ |
| ૬-એમ.એમ. ગ્રીટ | = | ૫૦૦ |
| ૧૦+૧૨-એમ.એમ. ગ્રીટ | = | ૫૦૦ |
| ૨૦-એમ.એમ. કપચી | = | ૭૦૦ |
| ૪૦-એમ.એમ. મેટલ | = | ૬૦૦ |
| ૬૫-એમ.એમ. મેટલ | = | ૫૫૦ |
| ૯૦-એમ.એમ. મેટલ | = | ૫૫૦ |
| ડસ્ટ | = | ૨૫૦ |
| જી.એસ.બી. | = | ૪૫૦ |
| રેડમીક્ષ | = | ૫૦૦ |

**બનાસકાંઠા ક્વોરી એસોસિયેશનની મિટિંગ પ્રમુખ ઘેમરભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને જસવંતગઢ ખાતે યોજાઈ. જેમાં ખાન ખનીજ મટીરીયલના નવા ભાવ નક્કી કરાયા છે. GST સાથેના આ નવા ભાવો ૧ ફેબ્રુઆરી ૨૦૨૬થી સમગ્ર જિલ્લામાં અમલી બનાવવામાં આવશે.**

# ખેરાલુ MLA સરદારભાઈ ચૌધરીએ ઉમરેચા મીની પાવાગઢના દર્શન કર્યા

**દૈનિક પલ્સ સમાચાર:** ખેરાલુ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય સરદારભાઈ ચૌધરીએ આજે સતલાસણા તાલુકાના ઉમરેચા મુકામે આવેલા મીની પાવાગઢ ખાતે દર્શન-પૂજનનો લ્હાવો લીધો હતો. આ પવિત્ર યાત્રાધામમાં મહાકાળી માતાજીના દર્શન કરી તેમણે સમગ્ર વિસ્તારની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

દર્શન બાદ ધારાસભ્યશ્રીએ સક્રિયતા દાખવી મંદિર પરિસર અને તેની આસપાસના વિસ્તારોમાં ચાલી રહેલા સરકારી વિકાસકાર્યોનું જાત-નિરીક્ષણ કર્યું હતું. ખાસ કરીને યાત્રિકો માટે માથાના દુખાવા સમાન કાચા રસ્તાની સમસ્યા નિવારવા માટે સરકાર દ્વારા નવા આરસીસી રોડનું કામ મંજૂર કરવામાં આવ્યું છે. આ કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે, જેનું ધારાસભ્યએ સ્થળ તપાસ કરી નિરીક્ષણ કર્યું હતું. તેમણે સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી કે કામમાં ગુણવત્તા જળવાઈ રહે અને યાત્રિકોને વહેલી તકે આ સુવિધાનો લાભ મળે.આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ઉમરેચા મીની પાવાગઢ પ્રત્યે લોકોની અપાર શ્રદ્ધા જોડાયેલી છે, ત્યારે ભક્તોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે સરકાર કટિબદ્ધ છે. સ્થાનિક રહીશો અને શ્રદ્ધાળુઓએ આ વિકાસલક્ષી અભિગમને આવકાર્યો હતો. આ મુલાકાતથી ગ્રામીણ અને ધાર્મિક ક્ષેત્રોમાં વિકાસની ગતિ તેજ બનશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

**રિપોર્ટ : વિષ્ણુ ઠાકોર**



**ખેરાલુના ધારાસભ્ય સરદારભાઈ ચૌધરીએ સતલાસણાના ઉમરેચા ખાતે મીની પાવાગઢમાં મહાકાળી માતાજીના દર્શન કર્યા હતા. તેમણે મંદિર સુધી બનનારા નવા RCC રોડના કામનું નિરીક્ષણ કરી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. આ સુવિધાથી શ્રદ્ધાળુઓની અવરજવર વધુ સરળ બનશે.**